# ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭

## (સન ૧૯૨૭નો અધિનિયમ નંબર ૧૬)

## અનુક્રમણિકા

### પ્રકરણ-૧

### પ્રારંભિક

**કલમો**


૧. *ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ*

૨. *અર્થઘટન કલમ*


### પ્રકરણ -૨

### આરક્ષિત વન બાબત


૩. *વનોને આરક્ષિત બનાવવાની સત્તા*

૪. *રાજ્ય સરકારનું જાહેરનામું*

૫. *વન હકો પ્રાપ્ત થવાને બાધ*

૬. *વન વ્યવસ્થા અધિકારીને ઢંઢેરો બહાર પાડવા બાબત.*

૭. *વન વ્યવસ્થા અધિકારીએ કરવાની તપાસ.*

૮. *વન વ્યવસ્થા અધિકારીની સત્તા*

૯. *હકો નષ્ટ થવા બાબત*

૧૦. *ફરતી ખેતીની પદ્ધતિ સંબંધી દાવાની તજવીજ*

૧૧. *જેના ઉપર હકનો દાવો થયો હોય તે જમીન સંપાદિત કરવાની સત્તા*

૧૨. *ઢોર ચારવાના અથવા વન-પેદાશના હકો અંગેના દાવા ઉપર હુકમ*

૧૩. *વન-વ્યવસ્થા અધિકારીએ નોંધ કરવા બાબત*

૧૪. *પોતે દાવો સ્વીકારે ત્યારે નોંધ કરવા બાબત*

૧૫. *સ્વીકારેલા હકોના ભોગવટા બાબત*

૧૬. *હકના બદલામાં સામટું વળતર*

૧૭. *કલમ ૧૧, કલમ ૧૨, કલમ ૧૫ અથવા કલમ ૧૬ હેઠળ કરેલા હુકમ સામે અપીલ*

૧૮. *કલમ ૧૭ હેઠળની અપીલ*

૧૯. વકીલો

૨૦. આરક્ષિત વન જાહેર કરતું જાહેરનામું

૨૧. વનના આજુબાજુના પ્રદેશોમાં આવા જાહેરનામાના ભાષાંતરની પ્રસિદ્ધિ

૨૨. કલમ ૧૫ અથવા કલમ ૧૮ હેઠળ થયેલી વ્યવસ્થા ફેરવવાની સત્તા

૨૩. આરક્ષિત વન ઉપર આમાં કોઈ જોગવાઈ કરી હોય તે સિવાય, બીજી રીતે કોઈ હક્ક પ્રાપ્ત થતો નથી.

૨૪. મંજૂરી વગર હકો બીજાને તબદીલ કરવાની મનાઈ

૨૫. આરક્ષિત વનમાંના માર્ગો અને જળમાર્ગો બંધ કરવાની સત્તા

૨૬. આવાં વનમાં પ્રતિબંધિત કાર્યો.

૨૭. વન આરક્ષિત નહિ રહેલ હોવાનું જાહેર કરવાની સત્તા

## પ્રકરણ-૩

## ગ્રામ વનો

૨૮. ગ્રામ વનોની રચના

## પ્રકરણ-૪

## રક્ષિત વનો બાબત

૨૯. રક્ષિત વનો.

૩૦. ઝાડ વગેરેને અનામત બનાવવા બાબત જાહેરનામું બહાર પાડવાની સત્તા

૩૧. આજુબાજુના પ્રદેશમાં આવા જાહેરનામાનાં ભાષાંતરની પ્રસિદ્ધિ

૩૨. રક્ષિત વનો માટે નિયમો કરવાની સત્તા

૩૩. કલમ ૩૦ હેઠળના જાહેરનામા કે કલમ ૩૨ હેઠળના નિયમોનું ઉલ્લંઘન કરીને કરેલાં કાર્યો માટે શિક્ષા

૩૪. આ પ્રકરણના કોઈપણ મજકૂરથી કેટલીક બાબતોમાં કરેલાં કાર્યો ઉપર પ્રતિબંધ ન હોવા બાબત.

## પ્રકરણ-૫

## સરકારની મિલકત ન હોય તેવા વન જમીનના નિયંત્રણ બાબત

૩૫. ખાસ હેતુઓ માટે વનોનું રક્ષણ

૩૬. વનનો વહીવટ પોતાને હસ્તક લેવાની સત્તા

૩૭. કેટલાક કિસ્સાઓમાં વનોનું સંપાદન

૩૮. માલિકોની વિનંતી ઉપરથી વનનું રક્ષણ

## પ્રકરણ-૬

## ઈમારતી લાકડાં તથા બીજી વનપેદાશ ઉપરની ડ્યુટી

૩૯. ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશ ઉપર ડ્યુટી નાખવાની સત્તા

૪૦. ખરીદીનાં નાણાં કે રોયલ્ટીને મર્યાદા લાગુ નહિ પાડવા બાબત

## પ્રકરણ - ૭

## ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશની હેરફેર ઉપર નિયંત્રણ બાબત

૪૧. વન-પેદાશની હેરફેરના નિયમન માટે નિયમો કરવાની સત્તા

૪૧. ક (A) જકાત સરહદોને પાર કરીને ઈમારતી લાકડાં લઈ જવા સંબંધમાં કેન્દ્ર સરકારની સત્તા

૪૨. કલમ ૪૧ હેઠળ કરાયેલા નિયમોના ભંગ બદલ શિક્ષા

૪૩. ડિપોમાં વન-પેદાશને થયેલ નુકસાન માટે સરકાર તથા વન-અધિકારીઓ જવાબદાર નહિ હોવા બાબત

૪૪. ડિપોમાં થયેલ અકસ્માત વખતે તમામ વ્યક્તિઓની મદદ કરવાની જવાબદારી

## પ્રકરણ-૮

## તણાઈ આવેલાં તથા વેરવિખેર થયેલાં ઈમારતી લાકડાં એકઠાં કરવા બાબત

૪૫. કેટલીક જાતનાં ઈમારતી લાકડાં ઉપર હક સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, સરકારની મિલકત હોવાનું ગણવા અને તે અનુસાર તે એકઠાં કરવા બાબત.

૪૬. તણાઈ આવેલાં ઈમારતી લાકડાંના હકદારને નોટિસ

૪૭. આવાં ઈમારતી લાકડાં બાબત માગણી થયા પછીની કાર્યરીતિ

૪૮. માગણી ન કરેલાં ઈમારતી લાકડાંના નિકાલ બાબત

૪૯. આવાં ઈમારતી લાકડાંને થયેલા નુકસાન માટે સરકાર અને તેના અધિકારીઓ જવાબદાર નહિ હોવા બાબત

૫૦. ઈમારતી લાકડાં માગણી કરનારને સોંપવામાં આવે તે પહેલાં તેણે કરવાની ભરપાઈ

૫૧. નિયમો કરવાની અને શિક્ષા ઠરાવવાની સત્તા

## પ્રકરણ-૯

## શિક્ષા અને કાર્યરીતિ

૫૨. સરકાર દાખલ કરવાને પાત્ર મિલકત કબજે લેવા બાબત

૫૩. કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી મિલકત મુક્ત કરવાની સત્તા

૫૪. ત્યાર પછીની કાર્યરીતિ

૫૫. વન-પેદાશ, ઓજારો વગેરે ક્યારે સરકાર દાખલ થવાને પાત્ર થાય

૫૬. વન-ગુનાના ઈન્સાફનું કામ પૂરું થયે જેના સંબંધમાં ગુનો થયો હોય તે પેદાશનો નિકાલ

૫૭. ગુનેગાર અજ્ઞાત હોય અથવા મળી શકતો ન હોય ત્યારે કાર્યરીતિ

૫૮. કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી બગડી જાય તેવી મિલકત બાબત કાર્યરીતિ

૫૯. કલમ ૫૫, કલમ ૫૬ કે કલમ ૫૭ હેઠળ કરેલા હુકમો સામે અપીલ

૬૦. મિલકત સરકારમાં ક્યારે નિહિત થાય

૬૧. કબજે લીધેલી મિલકત મુક્ત કરવાની સત્તાનો અપવાદ

૬૨. ગેરકાયદેસર કબજે લેવા બદલ શિક્ષા

૬૩. ઝાડ અને ઈમારતી લાકડાં ઉપર બનાવટી ચિહ્નો કરવા અથવા ચિહ્નો બગાડવા તથા સીમાચિહ્નો બદલવા

૬૪. વોરંટ વગર પકડવાની સત્તા

૬૫. પકડાયેલ વ્યક્તિને મુચરકાને આધારે છોડવાની સત્તા

૬૬. ગુનો થતો અટકાવવાની સત્તા

૬૭. ગુનાનો સંક્ષિપ્ત રીતે ઈન્સાફ કરવાની સત્તા

૬૮. ગુનાની માંડવાળ કરવાની સત્તા

૬૯. વન-પેદાશ સરકારની માલિકીની માની લેવા બાબત


**પ્રકરણ-૧૦**

**ઢોર-અપપ્રવેશ**


૭૦. "ઢોર-અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧" લાગુ પાડવા બાબત

૭૧. તે અધિનિયમ હેઠળ ઠરાયેલા દંડમાં ફેરફાર કરવાની સત્તા


**પ્રકરણ-૧૧**

**વન અધિકારીઓ બાબત**


૭૨. રાજ્ય સરકાર વન અધિકારીઓને કેટલીક સત્તા આપી શકશે.

૭૩. વન અધિકારીઓ રાજ્ય સેવકો ગણાશે

૭૪. શુદ્ધબુદ્ધિથી કરેલાં કાર્યો માટે રક્ષણ

૭૫. વન અધિકારીઓને વેપાર કરવાની મનાઈ

## પ્રકરણ-૧૨

## પેટા-નિયમો

૭૬. *નિયમો કરવાની વધારાની સત્તા*

૭૭. *નિયમોના ભંગ માટે શિક્ષા*

૭૮. *ક્યારે નિયમો કાયદા તરીકે અમલી બનશે*

## પ્રકરણ-૧૩

## પ્રકીર્ણ

૭૯. *વન અધિકારીઓ તથા પોલીસ અધિકારીઓને મદદ કરવાને બંધાયેલ વ્યક્તિઓ*

૮૦. *સરકારની તથા અન્ય વ્યક્તિઓની મજમુ મિલકત હોય તેવા વનનો વહીવટ*

૮૧. *જે બજાવવા માટે સરકારી વનની પેદાશનો ભોગ ભોગવવા મળતો હોય તે નોકરીમાં ચૂક કરવા બાબત*

૮૨. *સરકારનાં લેણાં વસૂલ કરવા બાબત*

૮૩. *આવાં નાણાં માટે વન-પેદાશ ઉપર ધારણાધિકાર બાબત*

૮૪. *આ અધિનિયમ હેઠળ જોઈતી જમીન, "જમીન સંપાદન અધિનિયમ, ૧૯૮૪" હેઠળ જાહેર હેતુ માટે જરૂરી હોવાનું ગણવા બાબત*

૮૫. *મુચરકા હેઠળ લેણી થતી દંડની રકમ વસૂલ કરવા બાબત*

૮૫-ક (A) *કેન્દ્ર સરકારના હક્કો માટે અપવાદ*

૮૬. *રદ કરવા બાબત*

*અનુસૂચિ (રદ થી)*


• • •

# ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭

## (સન ૧૯૨૭નો ભારતનો અધિનિયમ નંબર ૧૬)

## (૨૧મી સપ્ટેમ્બર, ૧૯૨૭)

*વન, વન-પેદાશની હેરફેર અને ઈમારતી લાકડાં તથા અન્ય વન-પેદાશની લેવાતી ડ્યુટી સંબંધી કાયદો એકત્રિત કરવા બાબત અધિનિયમ.*

*વન, વન-પેદાશની હેરફેર અને ઈમારતી લાકડાં તથા અન્ય વન-પેદાશની ઉપર લેવાની ડ્યુટી સંબંધી કાયદો એકત્રિત કરવો ઈષ્ટ છે.*

*આથી નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ*

### પ્રકરણ-૧

### પ્રારંભિક

**ક. ૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ**

*(૧) આ અધિનિયમ, "ભારત વન અધિનિયમ, ૧૯૨૭" કહેવાશે.*

*(૨) તે સન ૧૯૫૬ના નવેમ્બર મહિનાની ૧લી તારીખની તરત પહેલાં ભાગ-ખ રાજ્યોના ભાગ હતા તે રાજ્યક્ષેત્રો સિવાયના સમગ્ર ભારતને લાગુ પડે છે.*

*(૩) સન ૧૯૫૬ના નવેમ્બર મહિનાની ૧લી તારીખની તરત પહેલાં બિહાર, મુંબઈ, કુર્ગ, દિલ્હી, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ રાજ્યોનાં ભાગ હતાં તે રાજ્યક્ષેત્રોને તે લાગુ પડે છે; પરંતુ કોઈ રાજ્યપત્રમાં જાહેરનામાથી, જેને આ અધિનિયમ લાગુ પડતો હોય અને જ્યાં તે અમલમાં ન હોય તે સમગ્ર રાજ્ય કે તેના નિર્દિષ્ટ કરેલા કોઈ ભાગમાં આ અધિનિયમ અમલમાં લાવી શકશે.*

**રાજ્ય સુધારો**

*૨. પેટા-કલમ (૩) પછી, એજનથી નીચેનો પરંતુક ઉમેરવામાં આવ્યો છે;*

*"પરંતુ ભારત વન (ગુજરાત એકીકરણ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૦નો આરંભ થયે, આ અધિનિયમ રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ અમલમાં આવશે."*

**ક. ૨. અર્થઘટન કલમ :**

*આ અધિનિયમમાં, વિષય કે સંદર્ભથી વિરુદ્ધ ન હોય તો -*

*(૧) "ઢોર"માં હાથી, ઊંટ, પાડા-ભેંસ, ઘોડા-ઘોડી, ખસી કરેલાં પ્રાણી, ટટ્ટુ, વછેરા, વછેરી, ખચ્ચર, ગધેડાં, ડુક્કર, મેઢાં, મેઢીઓ, ઘેટાં, ઘેટાંનાં બચ્ચાં અને લવારાનો સમાવેશ થાય છે.*

*(૨) "વન અધિકારી" એટલે આ અધિનિયમ તમામ કે કોઈ હેતુ સિદ્ધ કરવા માટે અથવા આ અધિનિયમ કે તેની હેઠળ કરેલા કોઈ નિયમ મુજબ વન અધિકારી કામગીરી માટે રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારે આ અર્થે અધિકાર આપેલા કોઈ અધિકારી નીમે તે વ્યક્તિ;*

(૩) "વન સંબંધી ગુનો" એટલે આ અધિનિયમ કે તે હેઠળ કરેલા કોઈ નિયમ હેઠળ શિક્ષાપાત્ર બનતો ગુનો;

(૪) "વન-પેદાશ"માં નીચેનાનો સમાવેશ થાય છે.

(ક) (A) વનમાંથી મળેલ અથવા લાવેલ હોય કે ન હોય તે ઈમારતી લાકડાં, કોલસા, કુચુક (કાચું રબ્બર), કાથો, લાકડાનું તેલ, રાળ, કુદરતી વાર્નિશ, છાલ, લાખ, મહુડાનાં ફૂલ, મહુડાનાં બી, કુથ અને હરડાં અને

(ખ) (B) વનમાંથી મળેલી અને લાવેલી નીચેની વસ્તુઓ

(૧) ઝાડ, તથા પાંદડાં, ફૂલ તથા ફળ અને ઝાડના આગળ જણાવવામાં આવ્યા ન હોય તેવા તમામ ભાગો અથવા પેદાશ;

(૨) ઝાડ સિવાયના (ઘાસ, વેલ, બરૂ તથા લીલ સહિતના) છોડ અને તેના તમામ ભાગો કે પેદાશ;

(૩) જંગલી પ્રાણીઓ અને ચામડું, હાથીદાંત, શીંગડાં, હાડકાં, રેશમ, કોશેટો (રેશમના કીડાનું ઘર), મધ તથા મીણ અને પ્રાણીઓના બીજા તમામ ભાગો કે પેદાશ; અને

(૪) પીટ (કોહવાઈને સખત બનેલી કાર્બનયુક્ત વનસ્પતિ), સપાટી ઉપરની માટી, ખડક તથા (ચૂનાના પથ્થર, છારૂ, ખનિજતેલ તથા ખાણની તથા પથ્થર ખાણની તમામ ઊપજ સહિત) ખનિજ પદાર્થો.

**HkÒMkwÃkk**

(૧) કલમ ૨ ના ખંડ (૪) ના પેટા-ખંડ (ક) (A) માં "કુથ" એ શબ્દ પછી "આસીન્દ્રા અને ટીમરૂના પાન" એ શબ્દો સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૨થી દાખલ કરવામાં આવ્યા છે.

(૨) કલમ ૨ના ખંડ (૪) પેટા-કલમ (ક) (A) માં ટીમરૂના પાન એ શબ્દો પછી "રોસા ઘાસ, રાર્વાલ્ફિયા સર્પેન્ટિના (સર્પગંધા)" એ શબ્દો સન ૧૯૫૬ના મુંબઈના ૧૭મા અધિનિયમની કલમ ૨ થી દાખલ કરવામાં આવ્યા છે.

(૩) કલમ ૨ના ખંડ (૪) પેટા-ખંડ (ક) (A) માં "રાર્વાલ્ફિયા સર્પેન્ટિયા (સર્પગંધા)" એ શબ્દો રાર્વાલ્ફિયા સર્પેન્ટિયા (સર્પગંધા), કડાયા ગુંદર એ શબ્દોને સન ૧૯૭૬ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૨થી મૂકવામાં આવ્યા છે.

(૪-ક) (A) "માલિક" માં કોર્ટ ઓફ વોર્ડઝની દેખરેખ હેઠળ અથવા તેના હવાલામાં હોય તેવી મિલકતની બાબતોમાં કોર્ટનો સમાવેશ થાય છે.

**HkÒMkwÃkk**

(૧) કલમ ૨માં ખંડ (૪-ક) પછી, નીચેના ખંડો સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬ (બી) થી દાખલ કરવામાં આવ્યા છે:

(૪-ખ) (B) "પોલીસ અધિકારી" એટલે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો કોઈ પોલીસ અધિકારી;

*(૪-ગ)*(C) *"મહેસૂલ અધિકારી" એટલે, મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો અથવા જ્યાં તે અધિનિયમ અમલમાં ન હોય ત્યાં, તે અધિનિયમના તત્સમાન કાયદામાં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો કોઈ મહેસૂલ અધિકારી;*

*(૫) "નદી" માં કુદરતી કે માનવસર્જિત ઝરા, નહેર, ખાડી અથવા અન્ય જળપ્રવાહનો સમાવેશ થાય છે.*

*(૬) "ઈમારતી લાકડાં"માં પડી ગયેલ અથવા પાડી નાખવામાં આવેલા ઝાડનો અને કોઈ હેતુસર કે તે વિના કાપી, કોતરી કે કોરી કાઢેલાં ન હોય તેવાં તમામ લાકડાંનો સમાવેશ થાય છે; અને*

*(૭) "ઝાડ" માં તાડ, વાંસ, ઠુંડા, ઝાંખરા તથા નેતરનો સમાવેશ થાય છે.*

**HkG>MkwÄkrk**

*(૧) કલમ ૨ પછી, નીચેની કલમ સન ૧૯૬૧ના ગુજરાતના છઠ્ઠા અધિનિયમની કલમ ૬(ગ) થી દાખલ કરવામાં આવી છે:*

**કેન્દ્ર અથવા મુંબઈ અધિનિયમોના કેટલાક ઉલ્લેખોનો અર્થ**

*"૨-ક*(A) *ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તાર સિવાયના કોઈ વિસ્તારને આ અધિનિયમ લાગુ પાડવામાં કેન્દ્ર અથવા મુંબઈના કોઈ અધિનિયમની જોગવાઈનો કોઈ ઉલ્લેખ, તે વિસ્તારમાં આવો કોઈ અધિનિયમ અમલમાં ન હોય ત્યારે તે વિસ્તારમાં કઈ તત્સમાન કાયદો અલમમાં હોય, તો તેની જોગવાઈનો ઉલ્લેખ છે એમ સમજવું."*

*(૨) સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૨, ૩, ૪, ૫, ૭ અને ૮ નીચે પ્રમાણે છે.*

**f. 2-yu. (A) yk yrÄrLkÞ{ MkLk 1927Lkk 16{k yrÄrLkÞ{Lkk «fhý 6êkLku y™u f÷{ 41-f (A) Lku ÷kdw Ãkzþu Lkrn.**

*આ અધિનિયમનો કોઈ પણ મજકૂર, ઈમારતી લાકડું અને બીજી પેદાશ ઉપર જકાત નાખવાના કેન્દ્રીય સરકારની સત્તાને અને સીમાશુલ્કની હદ ઓળંગીને ઈમારતી લાકડાંની હેરફેર અંગેના કેન્દ્ર સરકારની સત્તાને લગતા ભારત વન અધિનિયમ, ૧૯૨૭ના અનુક્રમે પ્રકરણ ૬ અને કલમ ૪૧-ક*(A) *ને લાગુ પડશે નહિ.*

**f. 3. MkLk 1927Lkku 16{ku yrÄrLkÞ{ MkkihkæÙ rðMíkkh{kt ÷kdw Ãkkzðk çkkçkík**

*આ અધિનિયમ આરંભથી તરત જ પહેલાં ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તારમાં અમલમાં છે તે પ્રમાણેનો ભારત વન અધિનિયમ ૧૯૨૭ આથી ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં લાગુ પાડવામાં આવ્યો છે અને આવી રીતે લાગુ પાડવા અંગે તે વિસ્તારમાં અમલમાં રહેશે.*

**f. 4. fåA rðMíkkh{kt fux÷kf MkwÄkhk ÷kdw Ãkkzðk çkkçkík**

*(૧) ભારત વન અધિનિયમ ૧૯૨૭ ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારને જ માત્ર લાગુ પાડવામાં, સદરહુ અધિનિયમની જોગવાઈઓમાં કોઈપણ કાયદાથી કરેલા તમામ સુધારા (પછી તે તેમાં ફેરફાર કરીને, તેમાંથી મજકૂર રદ કરીને, તેમાં એકને બદલે બીજો મજકૂર દાખલ કરીને, તેમાં નવો મજકૂર દાખલ કરીને, તેમાં ઉમેરો કરીને અથવા બીજી રીતે કરેલા હોય તો પણ) અમલમાં ચાલુ ગણાતા બંધ થશે અને રદ થયેલા ગણાશે.*

(૨) ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તાર પૂરતા સરહદ અધિનિયમમાં કરેલા અને અધિનિયમના આરંભ વખતે અમલમાં હોય તેવા તમામ સુધારા રાજ્યના કચ્છ વિસ્તારમાં લાગુ પાડવામાં આવ્યા છે અને તેમાં અમલમાં છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમમાં સંબંધ ધરાવતી જોગવાઈઓ (પછી તે તેમાં ફેરફાર કરીને, તેમાં એકને બદલે બીજો મજકૂર દાખલ કરીને તેમાંથી મજકૂર રદ કરીને, તેમાં નવો મજકૂર દાખલ કરીને, તેમાં ઉમેરો કરીને અથવા બીજી રીતે કર્યો હોય તો પણ) તદનુસાર સુધાર્યા છે એમ ગણાશે.

## 5. Ôkkïkk :

આ અધિનિયમમાં હવે પછી જણાવેલી જોગવાઈઓમાં, “મુખ્ય અધિનિયમ” એ શબ્દપ્રયોગ એટલે સમગ્ર ગુજરાત રાજ્ય પૂરતો “ભારત વન અધિનિયમ, ૧૯૨૭.”

## 6. hË fìk çkkçkkík :

સન ૧૯૪૮ના સૌરાષ્ટ્ર રાજ્ય (કેન્દ્રીય અને મુંબઈ અધિનિયમો લાગુ પાડવા) બાબતના વટહુકમથી ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનુકૂળ કર્યા પ્રમાણે અને લાગુ પાડવા પ્રમાણેનો ભારત વન અધિનિયમના ૧૯૨૭ના પ્રકરણ-૬ સિવાય, આથી રદ કર્યો છે.

## 7. yÃkðkËYÃk Xkð :

આ અધિનિયમની રૂએ કોઈપણ કાયદો રદ કરવાથી -

(ક) (A) તેવી રીતે રદ કરેલા કાયદાનો પૂર્વ અમલને અથવા તે હેઠળ યોગ્ય રીતે કરેલા અથવા કરવા દીધેલા કોઈપણ કૃત્યને;

(ખ) (B) તેવી રીતે રદ કરેલા કાયદા હેઠળ સંપાદન કરેલ, પ્રાપ્ત થયેલ અથવા વહોરેલ, કોઈપણ હક, વિશેષાધિકાર, ફરજ અથવા જવાબદારીને; અથવા

(ગ) (C) તેવી રીતે રદ કરેલ કાયદાની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈ વિરુદ્ધ કરેલા કોઈપણ ગુનાના સંબંધમાં થયેલ કંઈ પણ દંડ, જપ્તી અથવા શિક્ષાને; અથવા

(ઘ) (D) ઉપરોક્ત કોઈપણ હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી, દંડ, જપ્તી અથવા શિક્ષાના સંબંધમાં કોઈપણ તપાસ કાનૂની કાર્યવાહી અથવા ઉપાયને, અસર થશે નહિ અને જાણે કે આ અધિનિયમ પસાર થયો ન હોય તેમ આવી કોઈપણ તપાસ, કાનૂની કાર્યવાહી અથવા ઉપાય માંડી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં મૂકી શકાશે અને આવો કોઈપણ દંડ, જપ્તી અથવા શિક્ષા નાખી શકશેઃ

વધુમાં આગલા પરંતુકને આધીન રહીને, તેવી રીતે રદ કરેલા કાયદાની જોગવાઈઓથી અથવા તે હેઠળ (કાઢેલા જાહેરનામા અને આદેશો, કરેલ નિયમો, નિયુક્તિઓ, અધિકાર પમો, તેવી રીતે રદ કરેલા કાત્રો, ચોકસીઓ, હુકમો, જાહેરાતો, મિલકતના નામફેર અથવા જપ્તીઓ, સ્થાપેલ વનકોર્ટો, આપેલી સત્તા અથવા મંજૂરી, આપેલાં લાઈસન્સો, પરવાનગીઓ અથવા પાસો, પ્રસિદ્ધ ઉદ્‌ઘોષણાઓ, કરેલી નોંધો, કાઢેલી અથવા બજાવેલી નોટિસો, હાથ પર લીધેલું વનનું નિયંત્રણ અથવા વ્યવસ્થા અને કરેલા ખત સહિત) કરેલું કોઈ પણ કૃત્ય અથવા લીધેલું કોઈપણ પગલું, જેટલે સુધી તે આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, મુખ્ય અધિનિયમની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરેલું અથવા લીધેલું ગણાશે અને મુખ્ય અધિનિયમ હેઠળ કરેલ કોઈપણ કૃત્ય અથવા લીધેલાં કોઈપણ પગલાંથી ફેરવવામાં, રદ કરવામાં અથવા સુધારવામાં ન આવે ત્યાં સુધી, તદનુસાર અમલમાં ચાલુ રહેશે.”

## પ્રકરણ -૨

## આરક્ષિત વન બાબત

**ક. ૩. વનોને આરક્ષિત બનાવવાની સત્તા**

*સરકારી મિલકત હોય અથવા જેની ઉપર સરકારના માલિકી હકો હોય અથવા જેની તમામ વન-પેદાશ ઉપર અથવા તેના કોઈપણ ભાગ ઉપર સરકારનો હક હોય તેવી વન-જમીન અથવા પડતર જમીનને આમાં હવે પછી જોગવાઈ કરેલી રીતે રાજ્ય સરકાર આરક્ષિત વન બનાવી શકશે.*

**ક. ૪. રાજ્ય સરકારનું જાહેરનામું**

*(૧) કોઈ જમીનને આરક્ષિત-વન બનાવવામાં નિર્ણય કરવામાં આવે ત્યારે, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામું બહાર પાડવું જોઈશે અને તેમાંથી -*

*(ક)* (A) *એ જમીનને આરક્ષિત-વન બનાવવાનો નિર્ણય કર્યો છે એવું જાહેર કરવું જોઈશે;*

*(ખ)* (B) *શક્ય હોય તેટલી ચોકસાઈથી, આવી જમીનનું સ્થળ તથા હદ નિર્દિષ્ટ કરવાં જોઈશે; અને*

*(ગ)* (C) *આવી હદની કોઈ જમીનમાં અથવા જમીન ઉપર અથવા વનની કોઈ પેદાશમાં અથવા પેદાશ ઉપર કોઈ વ્યક્તિના કહેવાતા વિદ્યમાન હકના અસ્તિત્વ, પ્રકાર અને પ્રમાણની તપાસ કરી તે નક્કી કરવા માટે અને તે અંગે આ પ્રકરણમાં જોગવાઈ કર્યા પ્રમાણે તજવીજ કરવા માટે (જેને આમાં હવે પછી, "વન વ્યવસ્થા અધિકારી' કહ્યા છે તેવા) એક અધિકારીની નિમણૂક કરવી જોઈશે.*

**સ્પષ્ટીકરણ :** *ખંડ (ખ) ના હેતુ માટે રસ્તા, નદી, ડુંગરની ધાર અથવા બીજી જાણીતી કે સહજ સમજાય એવી સીમા જણાવીને વનની હદનું કરેલું વર્ણન પૂરતું થશે.*

*(૨) પેટા-કલમ (૧) ખંડ (ગ) હેઠળ નીમવામાં આવે તે અધિકારી સામાન્ય રીતે વન-વ્યવસ્થા અધિકારીના હોદ્દા સિવાયનો વન સંબંધી બીજો કોઈ હોદ્દો ધરાવતો હોવો ન જોઈએ.*

*(૩) આ અધિનિયમ હેઠળ વન-વ્યવસ્થા અધિકારીની ફરજો બજાવવા માટે રાજ્ય સરકારને વધુમાં વધુ ત્રણ અધિકારીઓ નીમવામાં આ કલમના કોઈ મજકૂરથી બાધ આવશે નહિ, પરંતુ તેમાંથી એકથી વધુ વ્યક્તિ ઉપર કહ્યા પ્રમાણેના હોદ્દા સિવાય વન સંબંધી બીજો કોઈ હોદ્દો ધરાવનાર હોવી જોઈશે નહિ.*

**ક. ૫. વન હકો પ્રાપ્ત થવાને બાધ**

*કલમ ૪ હેઠળ જાહેરનામું બહાર પાડ્યા પછી, સત્તાધિકારથી અથવા સરકાર તરફથી અથવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું તે વખતે આવો હક જેમનામાં નિહિત હોય તે વ્યક્તિએ કે તે વ્યક્તિ તરફથી લિખિત રીતે આપેલી ગ્રાન્ટ કે કરારથી પ્રાપ્ત કર્યો હોય તે સિવાય, એ જાહેરનામામાં દર્શાવેલી જમીનમાં કે તે ઉપર કોઈ હક પ્રાપ્ત કરી શકાશે નહિ, અને રાજ્ય સરકાર આ અર્થે કરે તે નિયમોને અનુસર્યા સિવાય, એ જમીનમાં વાવેતર માટે અથવા બીજા કોઈ હેતુ માટે ત્યાર પછી વન ઉન્મૂલન કરી શકાશે નહિ.*

**ક. ૬. વન વ્યવસ્થા અધિકારીને ઢંઢેરો બહાર પાડવા બાબત**

*કલમ ૪ હેઠળ જાહેરનામું બહાર પાડ્યું હોય ત્યારે જાહેરનામામાં દર્શાવેલી જમીનની આસપાસના દરેક નગરમાં તથા ગામમાં વન-વ્યવસ્થા અધિકારી સ્થાનિક લોકભાષામાં નીચેની વિગતો સહિત ઢંઢેરો પ્રસિદ્ધ કરશે:*

*(ક)* (A) *શક્ય તેટલી ચોકસાઈથી સૂચિત વનનું સ્થળ તથા તેની હદ નિર્દિષ્ટ કરશે;*

*(ખ)* (B) *આવું વન આરક્ષિત થવાથી આમાં હવે પછી જોગવાઈ કર્યા પ્રમાણે આવનાર પરિણામનો ખ્યાલ આપશે; અને*

*(ગ)* (C) *એ ઢંઢેરાની તારીખથી ત્રણ મહિના કરતાં ઓછી નહિ તેટલી મુદત નક્કી કરશે અને કલમ ૪ અથવા કલમ ૫ માં જણાવેલા કોઈ હકનો દાવો કરનાર દરેક વ્યક્તિને તે હક્કના પ્રકાર તથા હક અંગે વળતરનો દાવો હોય તો તેની રકમ તથા વિગત દર્શાવતી લિખિત નોટિસ સદરહુ મુદતમાં વન-વ્યવસ્થા અધિકારીને આપવા અથવા તેની સમક્ષ હાજર થઈને સદરહુ હકીકત જણાવવા ફરમાવશે.*

**ક. ૭. વન વ્યવસ્થા અધિકારીએ કરવાની તપાસ.**

*કલમ ૬ હેઠળ કરેલાં તમામ કથનો વન-વ્યવસ્થા અધિકારીએ લખી લેવાં જોઈએ; અને તે કલમ હેઠળ યોગ્ય રીતે કરેલા તમામ દાવા તથા કલમ ૪ કે કલમ ૫ માં જણાવેલા અને કલમ ૬ હેઠળ દાવો નહિ કરેલા હકોના અસ્તિત્વના જેટલે અંશે સરકારના રેકર્ડ ઉપરથી તથા તે બાબતની જેને માહિતી હોવાનો સંભવ હોય એ વ્યક્તિની જુબાની ઉપરથી મેળવી શકાય તેટલી જાણ મેળવવા તેણે અનુકૂળ જગાએ તપાસ કરવી જોઈશે.*

**ક. ૮. વન વ્યવસ્થા અધિકારીની સત્તા**

*આવી તપાસ માટે વન-વ્યવસ્થા અધિકારી નીચેની સત્તા વાપરી શકશે.*

*(ક)* (A) *કોઈ જમીન ઉપર જાતે અથવા આ હેતુ માટે તેણે અધિકાર આપેલા અધિકારી દ્વારા દાખલ થવાની તથા તે જમીનના સરવે, હદ-નિશાન અને નકશો કરવાની સત્તા; અને*

*(ખ)* (B) *દાવાનો ઈન્સાફ કરતી વખતની દીવાની કોર્ટની સત્તા.*

**ક. ૯. હકો નષ્ટ થવા બાબત**

*જેને અંગે કલમ ૬ હેઠળ દાવો કર્યો ન હોય તથા જેના અસ્તિત્વની જાણ કલમ ૭ હેઠળ તપાસ કર્યા ઉપરથી પ્રાપ્ત થઈ ન હોય તે હકો અંગે દાવો કરનાર વ્યક્તિ કલમ ૬ હેઠળ ઠરાવેલી મુદતમાં આવો દાવો ન કરવા માટે તેને પૂરતું કારણ હતું એવી ખાતરી, કલમ ૨૦ હેઠળનું જાહેરનામું પ્રસિદ્ધ થયા પહેલાં, વન-વ્યવસ્થા અધિકારીને આપે નહિ તો તે હક્કો નષ્ટ થશે.*

**ક. ૧૦. ફરતી ખેતીની પદ્ધતિ સંબંધી દાવાની તજવીજ**

*(૧) ફરતી ખેતીની પ્રથા સંબંધી કોઈ દાવો કરવામાં આવે ત્યારે, એ દાવા અંગેની તથા જેની હેઠળ તે પદ્ધતિ ચલાવાતી અથવા નિયંત્રિત થતી હોય તે કોઈ સ્થાનિક નિયમ કે હુકમની વિગતો જણાવતું કથન વન-વ્યવસ્થા અધિકારીએ લખવું જોઈશે, અને એ પ્રથા પૂરી કે અમુક અંશમાં ચાલુ રાખવા કે પ્રતિબંધિત કરવા વિષે પોતાના અભિપ્રાય સહિત તેણે તે કથન રાજ્ય સરકારને સાદર કરવું જોઈશે.*

(૨) એ કથન તથા અભિપ્રાય મળ્યે, રાજ્ય સરકાર એવી પ્રથા પૂરી કે અંશમાં ચાલુ રાખવા પરવાનગી આપતો અથવા પ્રતિબંધિત કરતો હુકમ કરી શકશે.

(૩) જો આવી પ્રથા પૂરી કે અંશમાં ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવે તો તે માટે વન-વ્યવસ્થા અધિકારી, નીચે પ્રમાણે કરી શકશે:

(ક) (A) પૂરતા પ્રમાણમાં, યોગ્ય પ્રકારની અને વાજબી રીતે અનુકૂળ વિસ્તારમાં તેવી જગ્યા દાવેદારોના હેતુઓ માટે છોડવા, વ્યવસ્થા હેઠળની જમીનની સીમાઓમાં ફેરફાર કરી શકશે, અથવા

(ખ) (B) વ્યવસ્થા હેઠળની જમીનના ચોક્કસ ભાગોના જુદા હક નિશાન કરી તેમાં પોતે ઠરાવે તે શરતોએ દાવેદારોને પ્રથા મુજબ ફરતી ખેતીની પરવાનગી આપશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ કરવામાં આવે તો તે તમામ વ્યવસ્થા રાજ્ય સરકારની પૂર્વમંજૂરીને આધીન રહેશે.

(૫) તમામ કેસોમાં ફરતી ખેતીની પ્રથા રાજ્ય સરકારના નિયંત્રણ, પ્રતિબંધ અને નાબૂદી કરવાના અધિકારીને આધીન વિશેષાધિકાર રહેશે.

**ક. ૧૧. જેના ઉપર હકનો દાવો થયો હોય તે જમીન સંપાદિત કરવાની સત્તા**

(૧) જવા આવવાના કે ઢોર ચારવાના હક સિવાયના કોઈ જમીનમાંના અથવા જમીન ઉપરના બીજા હક અંગેના અથવા વન-પેદાશ કે જળમાર્ગના હક અંગેનો દાવો હોય ત્યારે, વન-વ્યવસ્થા અધિકારીએ તે દાવાનો પૂરો કે આંશિક સ્વીકાર કે અસ્વીકાર કરતો હુકમ કરવો જોઈશે.

(૨) જો તે દાવો પૂરો કે અંશતઃ સ્વીકાર્યો હોય, તો વન-વ્યવસ્થા અધિકારીએ નીચેમાંનું કાંઈ કરવું જોઈશે:

(૧) એ જમીન સૂચિત વનની હદની બહાર રાખવી જોઈશે; અથવા

(૨) માલિકના હક તે છોડી દે તેવી સમજૂતી તેની સાથે સાધવી જોઈશે; અથવા

(૩) "જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪" માં જોગવાઈ કરેલી રીતે એ જમીનના સંપાદનની કાર્યવાહી કરવી જોઈશે.

(૩) એ જમીનનું તે રીતે સંપાદન કરવા માટે -

(ક) (A) વન-વ્યવસ્થા અધિકારી "જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪" હેઠળ કાર્યવાહી કરનાર કલેક્ટર ગણાશે;

(ખ) (B) દાવેદાર, હિત ધરાવનાર તથા તે અધિનિયમ કલમ ૯ હેઠળ આપેલી નોટિસ અનુસાર તેની રૂબરૂ હાજર થનાર વ્યક્તિ ગણાશે;

(ગ) (C) તે અધિનિયમની આગલી કલમોની જોગવાઈઓ પળાયેલ હોવાનું ગણાશે; અને

(ઘ) (D) દાવેદારની સંમતિથી કલેક્ટર અથવા બંને પક્ષકારોની સંમતિથી કોર્ટ, જમીનના રૂપમાં અથવા અંશતઃ જમીનના રૂપમાં અને અંશતઃ નાણાંના રૂપમાં વળતર આપી શકશે.

**ક. ૧૨. ઢોર ચારવાના અથવા વન-પેદાશના હકો અંગેના દાવા ઉપર હુકમ**

*ઢોર ચારવાના અથવા વન-પેદાશના હકો અંગેના દાવાની બાબતમાં, વન-વ્યવસ્થા અધિકારી તેનો પૂરો કે આંશિક સ્વીકાર અથવા અસ્વીકાર કરતો હુકમ કરી શકશે.*

**રાજ્ય સુધારો :**

*સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(ઘ) થી કલમ ૧૨ને તે કલમ પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવામાં આવ્યો છે અને તેવી રીતે ફરી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ (૨) દાખલ કરવામાં આવી છે.*

*"(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલા હુકમની એક નકલ, વન-વ્યવસ્થા અધિકારી દાવેદારને પૂરી પાડશે અને તે હુકમની બીજી નકલ તપાસ વખતે હાજર રહ્યો હોય તે વન-અધિકારીને અથવા આવો અધિકારી હાજર ન રહ્યો હોય, તો વન-વિભાગીય અધિકારીને મોકલશે."*

**ક. ૧૩. વન-વ્યવસ્થા અધિકારીએ નોંધ કરવા બાબત**

*વન-વ્યવસ્થા અધિકારીએ કલમ ૧૨ હેઠળ કોઈ હુકમ કરે ત્યારે, બને ત્યાં સુધી નીચે પ્રમાણે નોંધ કરશે:*

*(ક)* (A) *હકનો દાવો કરનાર વ્યક્તિનું નામ, તેના પિતાનું નામ, તેની જ્ઞાતિ, તેનું રહેવાનું સ્થળ અને ધંધો; અને*

*(ખ)* (B) *જેના માટે એવા હકોની રૂએ દાવો થયેલ હોય તે તમામ ખેતરો કે ખેતરોનાં જૂથ (હોય તો તેની ઓળખ, સ્થાન અને વિસ્તાર તથા તમામ મકાનો હોય તો તે)ની ઓળખ અને સ્થાન.*

**ક. ૧૪. પોતે દાવો સ્વીકારે ત્યારે નોંધ કરવા બાબત**

*કલમ ૧૨ હેઠળ વન-વ્યવસ્થા અધિકારી કોઈ દાવો પૂરો કે અંશતઃ સ્વીકારે તો, જેટલાં તથા જે પ્રકારનાં ઢોર વનમાં ચરાવવાનો દાવેદારને વખતોવખત હક હોય, તે તથા જે મોસમમાં આમ ચરાવવાની છૂટ હોય તે તથા જેટલું ઇમારતી લાકડું તથા વન-પેદાશ વખતોવખત લેવા અથવા મેળવવાનો તેને હક હોય તે અને યથાપ્રસંગ, જરૂરી જણાય તેવી બીજી વિગતો જણાવીને જેટલે અંશે પોતે દાવો સ્વીકાર્યો હોય તે પણ તેણે નોંધવું જોઈશે. દાવાની રૂએ મેળવેલું ઇમારતી લાકડું અથવા બીજી વન-પેદાશનું વેચાણ કે અદલોબદલો થઈ શકશે કે કેમ તેની પણ નોંધ કરવી જોઈશે.*

**ક. ૧૫. સ્વીકારેલા હકોના ભોગવટા બાબત**

*(૧) આ પ્રમાણે નોંધ કર્યા પછી, વન-વ્યવસ્થા અધિકારીએ પોતે સંપૂર્ણ વિવેકશક્તિ વાપરીને તથા જેને અંગે દાવો થયો હોય તે આરક્ષિત વનની જાળવણી ઉપર પૂરતું લક્ષ આપીને, આ રીતે સ્વીકારેલાં હકોનો નિરંતર ભોગવટો થઈ શકે તે જોવા હુકમો કરવા જોઈશે.*

*(૨) આ હેતુ માટે વન-વ્યવસ્થા અધિકારી -*

*(ક)* (A) *પૂરતા વિસ્તારનો તથા વાજબી રીતે અનુકૂળ સ્થાનમાં હોય તેવા બીજા વન-પ્રદેશ એવા દાવેદાર માટે નિયત કરવાના હુકમ અને સ્વીકાર્યા પ્રમાણેનો, યથાપ્રસંગ, ઢોર ચારવાનો અથવા વનની પેદાશના હક દાવેદારોને આપ્યાનો હુકમ નોંધી શકશે; અથવા*

*(ખ)* (B) *પૂરતા પ્રમાણમાં તથા વાજબી રીતે અનુકૂળ વિસ્તારમાં હોય તેવી જગા દાવેદારના*

*ઉપયોગ માટે છોડવા માટે સૂચિત વનની સીમાઓમાં ફેરફાર કરી શકશે; અથવા*

*(ગ)* (C) *રાજ્ય સરકાર આ અર્થે વખતોવખત ઠરાવે તે મોસમમાં, સૂચિત વનમાં તે ભાગમાં તથા તેવા નિયમો હેઠળ સ્વીકાર્યા પ્રમાણેનો, યથાપ્રસંગ, ઢોર ચારવા અંગેનો અથવા વનની પેદાશ અંગેનો હક તે દાવેદારો માટે ચાલુ રાખવાનો હુકમ નોંધી શકશે.*

**ક. ૧૬. હકના બદલામાં સામટું વળતર**

*આરક્ષિત વનની જાળવણીને યોગ્ય રીતે ધ્યાનમાં લઈને, વન-વ્યવસ્થા અધિકારીને એમ જણાય કે સ્વીકાર્યા પ્રમાણેના સદરહુ હકોનો નિરંતર ભોગવટો, થઈ શકે તેવી કલમ ૧૫ હેઠળ વ્યવસ્થા કરવાનું અશક્ય છે ત્યારે, આ માટે રાજ્ય સરકાર વખતોવખત કરે તે નિયમોને અધીન રહીને, તેણે આવા હકોના સામટા વળતરની ગણતરી કરી અને તેની અવેજીમાં તે વ્યક્તિને નાણાંની રકમ અથવા જમીન અથવા પોતાને યોગ્ય લાગે તેવી બીજી રીતથી ચુકવણી કરવી જોઈશે.*

**ક. ૧૭. કલમ ૧૧, કલમ ૧૨, કલમ ૧૫ અથવા કલમ ૧૬ હેઠળ કરેલા હુકમ સામે અપીલ**

*આ અધિનિયમ હેઠળ દાવો કરનાર વ્યક્તિ અથવા રાજ્ય સરકારે આ અર્થે સામાન્ય રીતે અથવા ખાસ રીતે અધિકાર આપ્યો હોય તે વન-અધિકારી કે અન્ય વ્યક્તિ, એ દાવા ઉપર વન-વ્યવસ્થા અધિકારીએ કલમ૧૧, કલમ ૧૨, કલમ ૧૫ કે કલમ ૧૬ હેઠળ કરેલા હુકમની તારીખથી ત્રણ મહિનાની અંદર એ હુકમો ઉપરની અપીલની સુનાવણી માટે રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી નીમેલા કલેક્ટર કરતાં ઊતરતો દરજ્જો ન ધરાવતા મહેસૂલ ખાતાના અધિકારી સમક્ષ એ હુકમ સામે અપીલ કરી શકશે.*

*પરંતુ રાજ્ય સરકારે નીમેલી ત્રણ વ્યક્તિઓની બનેલી કોર્ટ (જેને આમાં હવે પછી "વન કોર્ટ" કહી છે તે) રાજ્ય સરકાર સ્થાપી શકશે અને જ્યારે એ રીતે વન કોર્ટ સ્થાપવામાં આવે ત્યારે, આવી તમામ અપીલો તે કોર્ટને કરવી જોઈશે.*

**ક. ૧૮. કલમ ૧૭ હેઠળની અપીલ**

*(૧) કલમ ૧૭ હેઠળની દરેક અપીલ લિખિત અરજી રૂપે હોવી જોઈએ અને તે વન-વ્યવસ્થા અધિકારીને પહોંચાડવી જોઈશે. તેણે વિના વિલંબે તે અરજી સુનાવણી માટે યોગ્ય સત્તાધિકારીને મોકલવી જોઈશે.*

*(૨) અપીલ કલમ ૧૭ હેઠળ નીમેલા અધિકારીને કરી હોય તો, જમીન મહેસૂલને લગતી બાબતોની સુનાવણી માટે તે સમયમાં ઠરાવાઈ હોય તો તે રીતે તેની સુનાવણી કરવી જોઈએ.*

*(૩) અપીલ વન-કોર્ટને કરી હોય તો, કોર્ટ અપીલની સુનાવણી માટે દિવસ તથા સૂચિત વનની નજીકનું અનુકૂળ સ્થળ નક્કી કરી પક્ષકારોને તે બાબતની નોટિસ આપશે, અને તે અનુસાર આવી અપીલની સુનાવણી કરશે.*

*(૪) યથાપ્રસંગ, એ અધિકારીએ અથવા કોર્ટે અથવા એ કોર્ટના સભ્યોમાંથી બહુમતિ ધરાવતા સભ્યોએ એ અપીલ ઉપર કરેલા હુકમ, માત્ર રાજ્ય સરકાર દ્વારા રિવિઝનને આધીન રહીને, આખરી ગણાશે.*

**ક.૧૯. વકીલો**

*રાજ્ય સરકાર અથવા આ અધિનિયમ હેઠળ દાવો કરનાર વ્યક્તિ, આ અધિનિયમ હેઠળની કોઈ તપાસ કે અપીલ દરમિયાન*

*વન-વ્યવસ્થા અધિકારી અથવા અપીલ અધિકારી અથવા અપીલ કોર્ટ સમક્ષ પોતાની વતી હાજર થવા, વકીલાત કરવા તથા કામ કરવા માટે, કોઈ વ્યક્તિને, નિયુક્ત કરી શકશે.*

**ક.૨૦. આરક્ષિત વન જાહેર કરતું જાહેરનામું**

*(૧) રાજ્ય સરકાર નીચેના સંજોગોમાં આરક્ષિત બનાવવાના વનમાં સીમા ચિહ્નો ચોડીને અથવા બીજી રીતે તેની હદ સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કરતું જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ કરશેઃ*

*(ક)* (A) *દાવા કરવા માટે કલમ ૬ હેઠળ નિયત કરેલી મુદત પૂરી થઈ ગઈ હોય, અને તે કલમ અથવા કલમ ૯ હેઠળ દાવો કર્યો હોય તે તમામ દાવાઓનો વન-વ્યવસ્થા અધિકારીએ નિકાલ કરી નાખ્યો હોય;*

*(ખ)* (B) *આવા કોઈ દાવા થયા હોય, તો એ દાવા અંગે થયેલા હુકમ ઉપર અપીલ કરવાની, કલમ૧૭થી મર્યાદિત કરેલ મુદત પૂરી થઈ ગઈ હોય અને એ મુદતની અંદર કરાઈ હોય તે તમામ અપીલોનો, અપીલ અધિકારીએ અથવા કોર્ટે નિકાલ કરી નાખ્યો હોય; અને*

*(ગ)* (C) *કલમ ૧૧ હેઠળ વન-વ્યવસ્થા અધિકારીએ "જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪" હેઠળ સંપાદિત કરવાનું પસંદ કર્યું હોય તેવી સૂચિત વનમાં સમાવિષ્ટ કરવાની (હોય તે) તમામ જમીન તે અધિનિયમની કલમ ૧૬ હેઠળ સરકારમાં નિહિત થઈ ગઈ હોય.*

*(૨) એ રીતે ઠરાવેલી તારીખથી તે વન આરક્ષિત વન ગણાશે.*

**ક.૨૧. વનના આજુબાજુના પ્રદેશોમાં આવા જાહેરનામાના ભાષાંતરની પ્રસિદ્ધિ**

*આવા જાહેરનામાથી ઠરાવેલી તારીખ પહેલાં વન અધિકારીએ વનની આસપાસના દરેક નગર તથા ગામમાં સ્થાનિક લોકભાષામાં તે જાહેરનામાનું ભાષાંતર પ્રસિદ્ધ કરાવવું જોઈશે.*

**ક.૨૨. કલમ ૧૫ અથવા કલમ ૧૮ હેઠળ થયેલી વ્યવસ્થા ફેરવવાની સત્તા**

*કલમ ૨૦ હેઠળ કોઈ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી પાંચ વર્ષની અંદર કલમ ૧૫ કે કલમ ૧૮ હેઠળ થયેલી કોઈ વ્યવસ્થા રાજ્ય સરકાર ફેરવી શકશે, અને આ માટે કલમ ૧૫ કે કલમ ૧૮ હેઠળ કરેલો કોઈ હુકમ રદ કરી શકશે અથવા તેમાં સુધારા કરી શકશે અને કલમ ૧૫માં નિર્દિષ્ટ કરેલી કાર્યવાહીમાંથી એકને બદલે બીજી કાર્યવાહી કરવાનો અથવા કલમ ૧૨ હેઠળ સ્વીકારેલા હકોનું કલમ ૧૬ હેઠળ સામટું વળતર આપવાનો આદેશ આપી શકશે.*

**ક.૨૩. આરક્ષિત વન ઉપર આમાં કોઈ જોગવાઈ કરી હોય તે સિવાય, બીજી રીતે હક્ક પ્રાપ્ત થતો નથી.**

*ઉત્તરાધિકારથી અથવા સરકારે અથવા સરકાર તરફથી અથવા કલમ ૨૦ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોય તે વખતે જેનામાં આવો હક નિહિત હતો તે વ્યક્તિએ કે તે વ્યક્તિ તરફથી લિખિત રીતે કરેલા ગ્રાન્ટ કે કરાર ઉપરથી સંપાદિત કર્યો હોય તે સિવાય આરક્ષિત વનમાં કે તેની ઉપર કોઈ પ્રકારનો હક પ્રાપ્ત થશે નહિ.*

**ક.૨૪. મંજૂરી વગર હકો બીજાને તબદીલ કરવાની મનાઈ**

*(૧) કલમ ૨૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૧૫ની પેટા-કલમ (૨) ના ખંડ (ગ) હેઠળ ચાલુ રાખેલો કોઈ હક, રાજ્ય સરકારની મંજૂરી સિવાય ગ્રાન્ટ, વેચાણ, પેટા કે ગીરોથી કે બીજી રીતે તબદીલ કરી શકશે નહિ:*

*પરંતુ એવો હક કોઈ જમીન કે ઘર સાથે જોડાયેલો હોય ત્યારે, તે જમીન કે ઘરની સાથે વેચી કે બીજી રીતે તબદીલ કરી શકાશે.*

*(૨) આવા હકની રૂએ મેળવેલું ઇમારતી લાકડું કે બીજી વન-પેદાશ કલમ ૧૪ હેઠળ નોંધેલા હુકમમાં સ્વીકાર્યા પ્રમાણે હોય તે સિવાય, વેચાણ કે અદલાબદલીથી આપી શકાશે નહિ.*

**ક.૨૫. આરક્ષિત વનમાંના માર્ગો અને જળમાર્ગો બંધ કરવાની સત્તા**

*રાજ્ય સરકારની અથવા આ માટે તેણે યોગ્ય રીતે અધિકાર આપેલા અધિકારીની પૂર્વમંજૂરી લઈને વન-અધિકારી આરક્ષિત વનમાંના કોઈ જાહેર અથવા ખાનગી માર્ગ કે જળમાર્ગ બંધ કરી શકશે, પરંતુ એ રીતે બંધ કરેલા માર્ગ કે જળમાર્ગને બદલે, રાજ્ય સરકારને વાજબી રીતે અનુકૂળ લાગે તેવા બીજા માર્ગ કે જળમાર્ગ વિદ્યમાન હોવો જોઈશે અથવા વન-અધિકારીએ તે કરી કે બાંધી આપેલો હોવો જોઈશે.*

**ક.૨૬. આવા વનમાં પ્રતિબંધિત કાર્યો.**

*(૧) કોઈ વ્યક્તિ -*

*(ક) (A) કલમ-૫ થી પ્રતિબંધિત થયા પછી વન-ઉન્મૂલન કરે; અથવા*

*(ખ) (B) અનામત વનમાં આગ લગાડે અથવા આ માટે રાજ્ય સરકારે કરેલા નિયમો પૈકી કોઈ નિયમનું ઉલ્લંઘન કરીને જોખમમાં મૂકે તે રીતે તેમાં અગ્નિ પેટાવે અથવા અગ્નિ સળગતો મૂકી જાય; અથવા અનામત વનમાં જે વ્યકિત -*

**રાજ્ય સુધારો -**

*સન ૧૯૬૦ના ગુજરાત ૧૫મા અધિનિયમની કલમ ૬(ઈ) થી કલમ ૨૬ની પેટા-કલમ (૧)માં, ખંડ (ખ)ને બદલે નીચેનો ખંડ (ખ) મૂકવામાં આવ્યો છે :*

*"(ખ) આરક્ષિત વનને અથવા કલમ ૪ હેઠળ જે જમીનને આરક્ષિત વનમાં ફેરવવાનો રાજ્ય સરકારનો નિર્ણય જાહેર કરતું જાહેરનામું કાઢવામાં આવ્યું હોય તે જમીનમાંના વનને આગ લગાડે અથવા આ માટે રાજ્ય સરકારે કરેલા નિયમો પૈકી કોઈ નિયમનું ઉલ્લંઘન કરીને, વનને જોખમમાં મૂકે એ રીતે તેમાં અગ્નિ પેટાવે અથવા અગ્નિ સળગતો મૂકી જાય, અથવા આરક્ષિત વનમાં;"*

*અથવા કલમ ૪ હેઠળ ઉપર પ્રમાણે જાહેર કરેલા જમીનમાંના વનમાં જે કોઈ વ્યક્તિ,:*

*(ગ) (C) વન-અધિકારી આ અર્થે જાહેર કરે તે સિવાયની મોસમમાં અગ્નિ પ્રેટાવે, રાખે કે લઈ જાય;*

*(ઘ) (D) અપપ્રવેશ કરે અથવા ઢોર ચારે કે ઢોરને અપપ્રવેશ કરવા દે;*

*(ચ) (E) કોઈ ઝાડ પાડવામાં અથવા કોઈ ઇમારતી લાકડું કાપવામાં કે ખેંચી લઈ જવામાં રાખેલ બેદરકારીથી કંઈ નુકસાન કરે;*

*(છ)* (F) *કોઈ ઝાડ પડે, તેના પર ગોળ આંકા પાડે, તેની ડાળીઓ કાપે, તેમાં છેદ પાડે અથવા તેને બાળે અથવા તેની છાલ કે પાંદડાં ઉતરડે કે બીજી રીતે તેને નુકસાન કરે;*

*(જી)* (G) *ખાણ ખોદીને પથ્થર કાઢે, ચૂનો પકવે અથવા કોલસો પાડે અથવા કોઈ વન પેદાશ એકઠી કરે અથવા તેના ઉપર કંઈ બનાવવાની પ્રક્રિયા કરે અથવા તેને ખસેડે;*

*(ઝ)* (H) *ખેતી કે બીજા હેતુ માટે કોઈ જમીન સાફ કરે કે ખોદે;*

*(ટ)* (I) *રાજ્ય સરકારે આ માટે કરેલા નિયમોનું ઉલ્લંઘન કરીને શિકાર કરે, ગોળ ચલાવે, માછલાં પકડે, પાણી ઝેરી કરે અથવા પાંજરાં કે છટકાં ગોઠવે; અથવા*

*(ઠ)* (J) *જ્યાં "હાથીઓની જાળવણી બાબતનો અધિનિયમ ૧૮૭૯" અમલમાં ન હોય તેવા વિસ્તારમાં એ રીતે કરેલા કોઈ નિયમોનું ઉલ્લંઘન કરીને, હાથીઓ મારે કે પકડે;*

*તો તે વ્યક્તિ વનને કરેલા નુકસાન માટે ગુનેગાર ઠરાવનાર કોર્ટ ભરવાનું ફરમાવે તેટલા વળતર ઉપરાંત છ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.*

*(૨)* *આ કલમમાંથી કોઈ મજકૂરથી નીચેનાને પ્રતિબંધ થતો હોવાનું ગણાશે નહિઃ*

*(ક)* (A) *વન-અધિકારીની લેખિત પરવાનગીથી અથવા રાજ્ય સરકારે કરેલા કોઈ નિયમ હેઠળ કોઈ કાર્ય કરવાને; અથવા*

*(ખ)* (B) *કલમ ૧૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ગ) હેઠળ ચાલુ રાખેલા અથવા કલમ ૨૩ હેઠળ સરકાર કે સરકાર તરફથી કરેલ ગ્રાન્ટ કે લિખિત કરાર ઉપરથી ઉદ્ભવતા કોઈ હક ભોગવવાને;*

*(૩)* *જ્યારે પણ જાણી જોઈને કે ગંભીર બેદરકારીથી આરક્ષિત વનમાં આગ લગાડાયેલ હોય ત્યારે (આ કલમ હેઠળ કંઈ શિક્ષા થઈ હોય તે છતાં) તે વનમાં કે તેના કોઈ ભાગમાં રાજ્ય સરકાર પોતાને લાગે તેટલી મુદત માટે ઢોર ચરાવવાના કે વન પેદાશના તમામ હકો સ્થગિત કરવાનો આદેશ આપી શકશે.*

**રાજ્ય સુધારા**

*કલમ ૨૬ની પેટા-કલમ (૩) પછી નીચેની પેટા-કલમ સન ૧૯૬૦ ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(ઈ) થી દાખલ કરવામાં આવી છેઃ*

*"(૪) જો કોઈ વ્યક્તિને પેટા-કલમ (૧)ના ખંડ (ઘ) અથવા (ઝ) હેઠળ દોષિત ઠરાવવામાં આવે ત્યારે -*

*(ક)* (A) *રેન્જરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા વન અધિકારી,*

*(ખ)* (B) *સબ ઈન્સ્પેક્ટરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા વન અધિકારી,*

*(ગ)* (C) *મહાલકારીના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા મહેસૂલ અધિકારી, જેના સંબંધમાં તેણે ગુનો કર્યો હોય તે વન અથવા જમીનમાંથી તેને કાઢી મૂકી શકશે."*

### ક.૨૭. વન આરક્ષિત નહિ રહેલ હોવાનું જાહેર કરવાની સત્તા

(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી આ અધિનિયમ હેઠળ આરક્ષિત બનાવેલું કોઈ વન કે તેનો કોઈ ભાગ એ જાહેરનામાથી નક્કી કરેલી તારીખથી, આરક્ષિત વન નહિ રહે તેવો આદેશ આપી શકશે.

(૨) તે રીતે નક્કી કરેલી તારીખથી એવું વન કે તેનો ભાગ આરક્ષિત રહેશે નહિ, પરંતુ વન માંહેના કોઈ હકો નષ્ટ થયા હોય તો તે આરક્ષિત હોતું બંધ થવાને કારણે ફરીથી પ્રાપ્ત થશે નહિ.

## પ્રકરણ-૩

## ગ્રામવનો

### ક.૨૮. ગ્રામવનોની રચના

(૧) આરક્ષિત વન બનાવાયેલી જમીન અંગેના અથવા તે ઉપરના સરકારના હકો રાજ્ય સરકાર કોઈ ગામના લોકોને, સોંપી શકશે તેમજ એ એવી સોંપણી રદ કરી શકશે. આ પ્રમાણે સોંપેલાં તમામ વનો ગ્રામવનો કહેવાશે.

(૨) ગ્રામવનોની વ્યવસ્થા માટે, તે પ્રમાણે જેને સોંપણી કરી હોય તે લોકોને ઈમારતી લાકડું કે બીજી વન પેદાશ કે ચરિયાણ મળે તે માટેની શરતો ઠરાવતા અને આવા વનમાં રક્ષણ તથા સુધારણા માટેની તેની ફરજો ઠરાવતા નિયમો રાજ્ય સરકાર કરી શકશે.

(૩) આ અધિનિયમની આરક્ષિત વન સંબંધી તમામ જોગવાઈઓ (તે પ્રમાણે કરેલા નિયમો સાથે અસંગત ન હોય તેટલા પ્રમાણમાં) ગ્રામવનોને લાગુ પડશે.

### રાજ્ય સુધારા

(૧) કલમ ૨૮ની પેટા-કલમ (૧)માં "આરક્ષિત વન" એ શબ્દો પછી - "અથવા રક્ષિત વન" એ શબ્દો સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમનની કલમ ૨(૧)થી દાખલ કરવામાં આવ્યા છે.

(૨) સદરહુ પેટા-કલમમાં "ગ્રામના લોકોને" એ શબ્દો પછી "મુંબઈ ગ્રામ પંચાયત અધિનિયમ, ૧૯૩૩ હેઠળ સ્થપાયેલી ગ્રામ પંચાયતને, અથવા મુંબઈ સરકારી મંડળી અધિનિયમ, ૧૯૨૫ હેઠળ રજિસ્ટર થયેલી અથવા રજિસ્ટર થયેલી ગણાતી સહકારી મંડળીને" એ શબ્દો, સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૩(૧) થી દાખલ કરવામાં આવ્યા છે.

(૩) કલમ ૨૮ની પેટા-કલમ (૨) માં "તે લોકોની" એ શબ્દો પછી, "તેટલા પ્રમાણમાં" "પંચાયતને અથવા મંડળીને" એ શબ્દો એંજનથી દાખલ કરવામાં આવ્યા છે.

(૪) કલમ ૨૮ ની પેટા-કલમ (૩)માં "આરક્ષિત" એ શબ્દો પછી, "અથવા રક્ષિત" એ શબ્દો અને "તેટલા પ્રમાણમાં" એ શબ્દો પછી, "સોપેલાં વનો આરક્ષિત કે રક્ષિત વનો હોય તે પ્રમાણે" એ શબ્દો સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૨(૧) થી દાખલ કરવામાં આવ્યા છે.

## પ્રકરણ-૪

## રક્ષિત વનો બાબત

**ક. ૨૯. રક્ષિત વનો.**

*(૧) આરક્ષિત વનમાં સમાવિષ્ટ નહિ થયેલી પરંતુ જે સરકારની મિલકત હોય અથવા જેની ઉપર સરકારનો માલિકી હક હોય અથવા જેની તમામ વન-પેદાશ કે તેના કોઈ ભાગ ઉપર સરકારનો હક હોય કે વન-જમીન કે પડતર જમીનને આ પ્રકરણની જોગવાઈઓ લાગુ પડે છે એમ રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી જાહેર કરી શકશે.*

*(૨) આવા જાહેરનામામાં જણાવેલી વન-જમીન અથવા પડતર જમીન "રક્ષિત વન" કહેવાશે.*

*(૩) જાહેરનામામાં જણાવેલી વન-જમીન અથવા પડતર જમીનમાં કે તેની ઉપર સરકારના તથા ખાનગી વ્યક્તિઓના હકના પ્રકાર તથા પ્રમાણની સરવે કે સેટલમેન્ટ વખતે અથવા રાજ્ય સરકારને પૂરતી જણાય તેવી બીજી રીતે તપાસ અને નોંધણી થયા સિવાય, આવું જાહેરનામું બહાર પાડી શકાશે નહિ. જ્યાં સુધી વિરુદ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, આવી દરેક નોંધણી સાચી હોવાનું માનવામાં આવશેઃ*

*પરંતુ કોઈ વન-જમીન કે પડતર જમીનની બાબતમાં, રાજ્ય સરકારને એમ લાગે કે આવી તપાસ તથા નોંધણી જરૂરી છે, પરંતુ તેમ કરવામાં વચગાળાના સમયમાં સરકારના હકો જોખમાય એટલો લાંબો સમય જાય તેમ છે તો એવી તપાસ તથા નોંધણી થાય તે દરમિયાન રાજ્ય સરકાર એ જમીનને વ્યક્તિઓના કે ગામલોકોના કોઈ વિદ્યમાન હકો ઘટે કે બાધ પામે નહિ તે રીતે રક્ષિત વન તરીકે જાહેર કરી શકશે.*

**ક.૩૦. ઝાડ વગેરેને અનામત બનાવવા બાબત જાહેરનામું બહાર પાડવાની સત્તા**

**રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી -**

*(ક)* (A) *તે જાહેરનામાથી નક્કી કરેલી તારીખથી રક્ષિત વનમાં કોઈ ઝાડ કે કોઈ વર્ગના ઝાડને અનામત જાહેર કરી શકશે;*

*(ખ)* (B) *રાજ્ય સરકારને યોગ્ય લાગે તે પ્રમાણે વધુમાં વધુ ત્રીસ વર્ષની મુદત સુધી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા વનનો કોઈ ભાગ બંધ રહેશે અને એવા ભાગ ઉપર ખાનગી વ્યક્તિઓના કોઈ હકો હોય તો, તે એ મુદત સુધી સ્થગિત રહેશે એમ જાહેર કરી શકશે, પરંતુ એ રીતે બંધ કરેલા ભાગ ઉપરના સ્થગિત થયેલા હકો યોગ્ય રીતે ભોગવવા માટે આવા વનનો બાકીનો ભાગ પૂરતો તથા વાજબી રીતે અનુકૂળ વિસ્તારમાં હોવો જોઈશે;*

*(ગ)* (C) *એવા વનમાં, ઉપર કહ્યા પ્રમાણે નક્કી કરેલી તારીખથી ખાણ ખોદીને પથ્થર કાઢવાની કે ચૂનો પકવવાની કે કોલસા પાડવાની કે કોઈ વન-પેદાશ એકઠી કરવાની કે તેની ઉપર કોઈ પ્રક્રિયા કરવાની અને ખસેડવાની અથવા આવા વનની જમીનમાં ખેતી, મકાન-બાંધકામ, ઢોર એકઠા કરવાની કે બીજા હેતુ માટે ખોદકામ કરવાની કે તેને માફ કરવાની મનાઈ કરી શકશે.*

**ક. ૩૧. આજુબાજુના પ્રદેશમાં આવા જાહેરનામાના ભાષાંતરની પ્રસિદ્ધિ**

*કલમ ૩૦ હેઠળ બહાર પાડેલા દરેક જાહેરનામાનું સ્થાનિક લોક-ભાષામાં કરેલું ભાષાંતર, જાહેરનામામાં જણાવેલા વનની આસપાસના દરેક નગર તથા ગામમાં સહેલાઈથી દેખાઈ આવે તેવી જગાએ લગાડવાની કલેક્ટરને તજવીજ કરવી જોઈશે.*

**ક.૩૨. રક્ષિત વનો માટે નિયમો કરવાની સત્તા**

*રાજ્ય સરકાર, નીચેની બાબતો માટે નિયમો કરી શકશે.*

*(ક)* (A) *રક્ષિત વનમાંથી ઝાડ અને ઈમારતી લાકડાં કાપવા, વહેરવા, પરિવર્તિત કરવા અને ખસેડવા તથા વન-પેદાશ એકઠી કરવા, તેમાંથી કંઈ બનાવવા અને ખસેડવા બાબતે;*

*(ખ)* (B) *રક્ષિત વનોની નજીકનાં નગરો અને ગામના રહેવાસીઓને તેમના પોતાના ઉપયોગ માટે ઝાડ, ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશ લેવા માટે લાઈસન્સ આપવા બાબત અને તે વ્યક્તિઓએ એ લાઈસન્સ રજૂ કરવા તથા પરત કરવા બાબતે;*

*(ગ)* (C) *વેપાર હેતુઓ માટે આવા વનમાંથી ઝાડ કે ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશ પાડનાર કે ખસેડનાર વ્યક્તિઓએ લાઈસન્સ આપવા બાબત અને એ વ્યક્તિઓએ એ લાઈસન્સ રજૂ કરવા તથા પરત કરવા બાબત;*

*(ઘ)* (D) *ઝાડ કાપવાની તથા ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશ એકઠી કરવા અને ખસેડવાની એવી પરવાનગી માટે ખંડો (ખ) અને (ગ) માં જણાવેલ વ્યક્તિઓએ ભરવાની હોય તે રકમો;*

*(ચ)* (E) *આવાં ઝાડ, ઈમારતી લાકડાં અને પેદાશ માટે તેમણે ભરવાની બીજી રકમો અને તે ભરવાનાં સ્થાન;*

*(છ)* (F) *તે વનમાંથી બહાર લઈ જવાની વન-પેદાશની તપાસ;*

*(જ)* (G) *વનમાં ખેતી કે બીજા હેતુઓ માટે જમીન સાફ કરવા અને ખોદવા બાબત;*

*(ઝ)* (H) *તે વનમાં પડેલાં ઈમારતી લાકડાં અથવા કલમ ૩૦ હેઠળ અનામત રાખેલાં ઝાડનું આગથી રક્ષણ;*

*(ટ)* (I) *તે વનમાં ઘાસ કાપવા તથા ઢોર ચરાવવા બાબત;*

*(ઠ)* (J) *તે વનમાં શિકાર કરવા, ગોળી ચલાવવા, માછલાં પકડવા, પાણી ઝેરી કરવા તથા છટકાં કે જાળ ગોઠવવા બાબત અને જ્યાં*

*"હાથીઓની જાળવણી બાબતનો અધિનિયમ ૧૮૭૯" અમલમાં ન હોય તે વિસ્તારમાં વનમાં હાથી મારવા કે પકડવા બાબત;*

*(ડ)* (K) *કલમ ૩૦ હેઠળ બંધ કરેલા વનના કોઈ ભાગનાં રક્ષણ અને વ્યવસ્થા; અને*

*(ઢ)* (L) *કલમ ૨૯માં ઉલ્લેખેલા હક્કો ભોગવવા બાબત.*

**ક.33. કલમ ૩૦ હેઠળના જાહેરનામા કે કલમ ૩૨ હેઠળના નિયમોનું ઉલ્લંઘન કરીને કરેલાં કાર્યો માટે શિક્ષા**

*(૧) કોઈ વ્યક્તિ -*

*(ક)* (A) *કલમ ૩૦ હેઠળ અનામત રાખેલાં કોઈ ઝાડ પાડે, તેના પર ગોળ આંકા પાડે, તેની ડાળીઓ કાપે, તેમાં છેદ પાડે, અથવા તેને બાળે અથવા તેની છાલ કે પાંદડાં ઉતરડીને અથવા બીજી રીતે તેને નુકસાન કરે;*

*(ખ)* (B) *કલમ ૩૦ હેઠળના કોઈ પ્રતિબંધ વિરુદ્ધ ખાણ ખોદીને પથ્થર કાઢે અથવા ચૂનો પકવે અથવા કોલસો પાડે અથવા વનની કોઈ પેદાશ એકઠી કરે, તેની ઉપર કોઈ પ્રક્રિયા કરે અથવા તેને ખસેડે;*

*(ગ)* (C) *કલમ ૩૦ હેઠળના કોઈ પ્રતિબંધ વિરુદ્ધ કોઈ રક્ષિત વનમાંની જમીનને ખેતી કે બીજા હેતુ માટે ખોદે કે સાફ કરે;*

*(ઘ)* (D) *એવા વનને આગ લગાડે અથવા કલમ ૩૦ હેઠળ અનામત બનાવેલા ઊભા, પડી ગયેલા કે પાડેલા ઝાડ સુધી અથવા વનના બંધ કરેલા ભાગ સુધી આગ ફેલાય નહિ તે માટે તમામ વાજબી સાવચેતી રાખ્યા વિના અગ્નિ સળગાવે;*

*(ચ)* (E) *પોતે સળગાવેલો અગ્નિ એવા કોઈ ઝાડ કે બંધ કરેલા ભાગ નજીક સળગતો રાખીને જાય;*

*(છ)* (F) *ઉપર જણાવ્યા પ્રમાણેના અનામત બનાવેલા કોઈ ઝાડને નુકસાન થાય એ રીતે કોઈ ઝાડ પાડે અથવા ઈમારતી લાકડું ઘસડી જાય;*

*(જ)* (G) *ઢોરને એવા ઝાડને નુકસાન કરવા દે;*

*(ઝ)* (H) *કલમ ૨૧ હેઠળ કરેલા કોઈ નિયમનો ભંગ કરે;*

*તો તે છ મહિના સુધીની, અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.*

*(૨) જ્યારે પણ જાણી જોઈને કે ગંભીર બેદરકારીથી રક્ષિત વનમાં આગ લગાડે કે લાગી હોય ત્યારે, આ કલમ હેઠળ કોઈ શિક્ષા થઈ હોય તે છતાં, તે વનમાં અથવા તેના કોઈ ભાગમાં રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેટલી મુદત માટે ઢોર ચરાવવાના અથવા વન-પેદાશના કોઈ હક્ક ભોગવવાનું સ્થગિત કરવાનો આદેશ આપી શકશે.*

**રાજ્ય સુધારો**

*કલમ ૩૩માં પેટા-કલમ (૨) પછી, નીચેના પેટા-કલમ સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ (૬) (ફ) થી દાખલ કરવામાં આવી છે.*

*"(૩) કોઈ વ્યક્તિને પેટા-કલમ (૧) હેઠળ ગુના બદલ દોષિત ઠરાવવામાં આવે ત્યારે -*

*(ક)* (A) *રેન્જરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા વન-અધિકારી;*

*(ખ)* (B) *સબ-ઈન્સ્પેક્ટરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી; અથવા*

*(ગ)* (C) *મહાલકારીના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા મહેસૂલ અધિકારી, જેના સંબંધમાં તેણે ગુનો કર્યો હોય તે રક્ષિત વનમાંથી તેને કાઢી મૂકી શકશે."*

**ક.૩૪.આ પ્રકરણના કોઈપણ મજકૂરથી કેટલીક બાબતોમાં કરેલાં કાર્યો ઉપર પ્રતિબંધ ન હોવા બાબત.**

*વન-અધિકારીની લિખિત પરવાનગીથી કલમ ૩ર હેઠળ કરેલા નિયમો અનુસાર, અથવા કલમ ૩૦ હેઠળ બંધ કરેલા વનના કોઈ ભાગ અંગે હોય અથવા કલમ ૩૩ હેઠળ જેનો ભોગવટો સ્થગિત કરાયો હોય તે હક સિવાય, કલમ ર૯ હેઠળ નોંધાયેલા હકની રૂએ કરેલા કોઈ કાર્યની આ પ્રકરણના કોઈ મજકૂરથી મનાઈ થયેલ ગણાશે નહિ.*

## પ્રકરણ-પ

## સરકારની મિલકત ન હોય તેવા વન જમીનના નિયંત્રણ બાબત

**ક.૩પ. ખાસ હેતુઓ માટે વનોનું રક્ષણ**

*(૧) નીચેના કોઈ હેતુ માટે એટલે કે -*

*(૧) તોફાન, પવન, ગબડતો પથ્થર, પૂર અને હિમવર્ષા સામે રક્ષણ કરવા માટે;*

*(ર) ટેકરીઓની ધાર અને ઢોળાવ ઉપરથી તથા ખીણ કે પહાડી પ્રદેશમાંથી જમીનના સંરક્ષણ માટે, જમીન ધસી પડતી અથવા ખાઈઓ અને પાણીના ધોધ બનતા રોકવા માટે, અથવા જમીનના ધોવાણ થવા કે તેની ઉપર રેતી, પથ્થર કે કાંકરાના થર જામવા સામેના રક્ષણ માટે ;*

*(૩) ઝરા, નદી અને તળાવમાં પાણી જાળવી રાખવા માટે;*

*(૪) રસ્તા, પુલ, રેલવે તથા વાહનવ્યવહારના બીજા માર્ગોના રક્ષણ માટે;*

*(પ) જાહેર આરોગ્યના રક્ષણ માટે;*

*નિયમન કે મનાઈ કરવાનું જરૂરી હોય ત્યારે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેનામા દ્વારા કોઈ વન કે પડતર જમીનમાં -*

*(ક)* (A) *ખેતી માટે જમીન ખોદવા કે સાફ કરવા માટે;*

*(ખ)* (B) *ઢોર ચરાવવા માટે; અથવા*

*(ગ)* (C) *વનસ્પતિ બાળવા કે નિર્મૂળ કરવા માટે નિયમન અથવા પ્રતિબંધ મૂકી શકશે.*

*(ર) રાજ્ય સરકાર આ હેતુ માટે, કોઈ વન કે તેની પડતર જમીનમાં કે તેની ઉપર પોતાને યોગ્ય લાગે તે બાંધકામો પોતાને ખર્ચે કરી શકશે.*

*(૩) પેટા કલમ (૧) હેઠળનું જાહેરનામું અથવા પેટા-કલમ (ર) હેઠળનું બાંધકામ, યથાપ્રસંગ, શા માટે બહાર ન પાડવું તેના નોટિસમાં નિર્દિષ્ટ કરેલા વાજબી સમયમાં કારણો માંગતી નોટિસ એ વનના કે જમીનના માલિક પર કાઢ્યા વિના અને તેના જો કોઈ વાંધા હોય તો તેની અને તેના સમર્થનમાં તે રજૂ કરે તે પુરાવાની તે અર્થે વિધિસર નિમાયેલા અધિકારી દ્વારા સુનાવણી થયા વિના અને રાજ્ય સરકાર દ્વારા તેની વિચારણા થયા વિના બહાર પાડી શકાશે નહિ, કે શરૂ કરી શકાશે નહિ.*

**રાજ્ય સુધારો**

*(૧) કલમ ૩૫ને બદલે, કલમ ૩૪-ક અને ૩૫ સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૩(૧) થી દાખલ કરવામાં આવી છેઃ*

**કલમ-૩૪-ક. (A) અર્થઘટન**

*આ પ્રકરણના હેતુઓ માટે -*

*વન એ સંજ્ઞામાં વૃક્ષો અને છોડવાવાળી કોઈ જમીન, ચારણની જમીન અને રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા વન તરીકે જાહેર કરે તેવી બીજી ગમે તે પ્રકારની જમીનનો સમાવેશ થાય છે.*

**ક. ૩૫ ખાસ હેતુઓ માટે વનોનું રક્ષણ**

*(૧) રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, નીચેના હેતુઓ પૈકી કોઈ હેતુ માટે -*

*(ક)* (A) *વૃક્ષો અને વનોના જતન માટે;*

*(ખ)* (B) *માટીનું સંરક્ષણ કરવા અથવા તેની સુધારણા કરવા માટે અથવા ખારી અથવા પાણી ભરાઈ રહેતું હોય એવી જમીન નવસાધ્ય કરવા માટે જમીન ધસી પડવાનો તથા ખાઈ થવાનો તથા પાણીના વહેળા વહેવા માંડવાનો પ્રતિબંધ કરવા માટે અથવા જમીન ધોવાઈ જાય તેવી જમીનનું રક્ષણ કરવા માટે અથવા તેની ઉપર રેતી, પથ્થર અથવા કાંકરા આવીને પડે, તેથી જમીનનું રક્ષણ કરવા માટે,*

*(ગ)* (C) *ચરાણની સુધારણા માટે;*

*(ઘ)* (D) *ઝરામાં, નદીમાં અને તળાવમાં પાણી રાખવા માટે;*

*(ચ)* (E) *ઘાસચારો, પાંદડાંનું ખાતર, ઈમારતી કામનાં લાકડાં અથવા બળતણનો પુરવઠો નિભાવવા, વધારવા અને તેની વહેંચણી કરવા માટે;*

*(છ)* (F) *જળાશયો અથવા નહેરનાં કામો અને હાઈડ્રોઈલેક્ટ્રિક કારખાનાંઓ નિભાવવા માટે;*

*(જ)* (G) *તોફાની તથા પવનથી અને (ડુંગર ઉપરથી) ગબડીને આવનારા પથ્થરથી તથા પૂરથી અને અનાવૃષ્ટિ સામે સંરક્ષણ કરવા માટે;*

*(ઝ)* (H) *રસ્તા, પુલ, રેલવેના પાટા અને જવા આવવાના બીજા માર્ગોનું સંરક્ષણ કરવા માટે; અને*

*(ટ)* (I) *લોકોની આરોગ્યતાનું સંરક્ષણ કરવા માટે*

*(૨) કલમ ૩૫ ની પેટા-કલમ (૨) માં "કોઈ વન કે તેની પડતર જમીનમાં કે તેની ઉપર" એ શબ્દોને બદલે "કોઈ વનમાં" એ શબ્દો સન ૧૯૪૮ ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ (૩) (૨) થી મૂકવામાં આવ્યા છે.*

*(૩) કલમ ૩૫ની પેટા-કલમ (૩)માં "કારણો માંગતી નોટિસ" એ શબ્દો પછી આ "આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલ અધિકારીએ" એ શબ્દો સન ૧૯૫૫ મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૪(૧) થી દાખલ કરવામાં આવ્યા છે અને "કે જમીનના" એ શબ્દો*

*સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૩(૧) થી, કમી કરવામાં આવ્યા છે.*

*(૪) કલમ ૩૫માં, પેટા-કલમ (૩) પછી, નીચેની પેટા-કલમો સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમનની કલમ ૪(૨) થી ઉમેરવામાં આવી છે -*

*(૪) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું શા માટે ન કાઢવું તેનું કારણ દર્શાવવાની નોટિસમાં ફરમાવી શકશે કે એક કરતાં વધુ નહિ તેટલી કોઈ મુદત માટે અથવા જાહેરનામું કાઢ્યાની તારીખ સુધી, બેમાંથી જે વહેલી હોય ત્યાં સુધી, આવા વનના માલિકે અને કોઈ હક, ઈલાખા અથવા હિતને કારણે અથવા કોઈ લાઈસન્સ અથવા કરાર હેઠળ અથવા બીજી રીતે તેમાં પેટા-કલમ (૧) ના ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલ તમામ કાર્યો અથવા તેમાંનું કોઈપણ કાર્ય કરવાને હકદાર હોય અથવા કરવાની પરવાનગી આપી હોય તેવી તમામ વ્યક્તિઓએ નોટિસની તારીખ પછી અને, યથા પ્રસંગ, અગાઉ જણાવેલ મુદત માટે અથવા અગાઉ જણાવેલી તારીખ સુધી, પેટા-કલમ (૧)ના ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલ કોઈ કાર્ય અથવા તમામ કાર્યો નોટિસમાં નિર્દિષ્ટ કર્યા હોય તેટલા પ્રમાણમાં કરવાં નહિ.*

*(૫) પેટા-કલમ (૩) હેઠળ કાઢેલ નોટિસ સમન્સની બજવણી માટે "દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮" માં જોગવાઈ કરેલી રીતે આવા વનના માલિક ઉપર બજાવવી જોઈશે અને નિયમોથી ઠરાવેલ રીતે પ્રસિદ્ધ પણ કરવી જોઈશે.*

*(૫) (ક)* (A) *કલમની પેટા-કલમ (૪)માં "છ મહિના" એ શબ્દોને બદલે "એક વર્ષ" એ શબ્દો સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(ગ) થી, મૂકવામાં આવ્યા છે.*

*(ખ)* (B) *પેટા-કલમ (૫) પછી, નીચેના પેટા-કલમ (૫-ક) સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬ (જ) (૨) થી દાખલ કરવામાં આવી છે:*

*"(૫-ક)* (A) *જ્યારે નોટિસ પેટા-કલમ (૫) અનુસાર બજાવવામાં અને પ્રસિદ્ધ કરવામાં આવી હોય ત્યારે, ત્યાર પછી તે વનની માલિકીનો હક સંપાદન કરનાર કોઈ વ્યક્તિ, તે નોટિસ માલિક તરીકે તેના ઉપર બજાવવામાં આવી હોય તેમ, તેને બંધનકર્તા રહેશે અને તદનુસાર તેણે પેટા-કલમ (૧) હેઠળ કાઢેલ નોટિસ, માંગણી અને જાહેરનામું, કોઈ હોય તો તેનું પાલન કરવું જોઈશે."*

*(૬) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું શા માટે ન કાઢવું જોઈએ તેનું કારણ દર્શાવતી નોટિસમાં પેટા-કલમ (૪) હેઠળ કરેલ કોઈ પણ ફરમાનનું ઉલ્લંઘન કરનાર કોઈ વ્યક્તિને, દોષિત ઠર્યેથી છ મહિનાની મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા તે બંનેની શિક્ષા થશે."*

*(ગ)* (C) *પેટા-કલમ (૬) પછી, નીચેની પેટા-કલમ (૭) સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬ (જ) (૩) થી દાખલ કરવામાં આવી છે:*

*(૭) પેટા-કલમ (૧) હેઠળ કાઢેલા જાહેરનામાની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર કોઈ વ્યક્તિને, દોષિત ઠર્યેથી છ મહિનાની મુદત સુધીની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા થશે."*

**નોંધ :** *આ રાજ્ય સુધારા પ્રમાણેની કલમ ૩૫, સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ નંબર ૧૪ થી રદ કરવામાં આવી છે.*

**ક. ૩૬. વનનો વહીવટ પોતાને હસ્તક લેવાની સત્તા**

(૧) કલમ ૩૫ હેઠળના કોઈ નિયમન કે મનાઈની શરૂઆતથી કે જાણી જોઈને અવજ્ઞા કરવામાં આવે ત્યારે અથવા તે કલમ હેઠળ બાંધકામ માટે તેમ કરવું જરૂરી હોય ત્યારે, રાજ્ય સરકાર એવા વનના કે જમીનના માલિકને લેખિત નોટિસ આપ્યા પછી તથા તેને જો કંઈ વાંધો હોય તો તેની વિચારણા કર્યા પછી, તે વન કે જમીન, વન અધિકારીના નિયંત્રણ હેઠળ મૂકી શકશે અને આરક્ષિત વન સંબંધી આ અધિનિયમની તમામ કે કોઈ જોગવાઈ કે વનને જમીનને લાગુ પડશે એમ જાહેર કરી શકશે.

(૨) તે વન કે જમીનના વહીવટમાંથી જે કંઈ ચોખ્ખો લાભ થાય તે સદરહુ માલિકને આપવો જોઈશે.

(૧) કલમ ૩૬માં કે "કે જમીન" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં ત્યાંથી તે કમી કરવામાં આવ્યા છે.

(૨) કલમ ૩૬ની પેટા-કલમ (૧) "આરક્ષિત" એ શબ્દ પછી, "અથવા રક્ષિત" એ શબ્દો દાખલ કરવામાં આવ્યા છે.

(૩) સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૫ થી કલમ ૩૬ પછી, નીચેની કલમો, ૩૬-ક, ૩૬-ખ અને ૩૬-ગ દાખલ કરવામાં આવી છે.

**ક. ૩૬-ક. (A) કલમ ૩૬ હેઠળ નોટિસ અને હુકમ બજાવવાની રીત**

કલમ ૩૬ની પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલ નોટિસ અને વન અધિકારીના નિયંત્રણ હેઠળ કોઈ વન મૂકવાનો કોઈ હુકમ કર્યો હોય તો તે હુકમ "દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮" માં સમન્સ બજાવવા માટે જોગવાઈ કરેલી રીતે તેવા વનના માલિક પર બજાવવા જોઈશે.

**ક. ૩૬-ખ (B) નિયંત્રણની મુદત**

(૧) કોઈ વનના આવા નિયંત્રણની મુદત ઉપર્યુક્ત હુકમની તારીખથી દસ વર્ષની રહેશે; પરંતુ આવી મુદતને ત્યાર પછી દરેકની દસ વર્ષ કરતાં વધુ ન હોય તેવી ક્રમિક મુદત માટે લંબાવી શકાશેઃ

પરંતુ આવી નિયંત્રણની મુદત હુકમની તારીખથી કુલ મળીને ૩૦ વર્ષ કરતાં વધવી જોઈએ નહિ.

(૨) જેના નિયંત્રણ હેઠળ વન મૂકવામાં આવ્યું હોય તે વન અધિકારીએ, પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલ કોઈ મુદત પૂરી થયા પહેલાં મોડામાં મોડું છ મહિનામાં આવા નિયંત્રણ સંબંધી રિપોર્ટ કરવો જોઈશે અને પોતાના અભિપ્રાય મુજબ નિયંત્રણની કોઈ મુદત લંબાવવાની છે કે કેમ તે તેમાં જણાવવું જોઈશે.

(૩) આવા રિપોર્ટ ઉપર વિચારણા કર્યા પછી અને પેટા-કલમ (૧) ને અધીન રહીને, રાજ્ય સરકાર નિયંત્રણની કોઈ મુદત લંબાવવી કે કેમ અથવા તેને ત્યાર પછીની કલમમાં જોગવાઈ કરેલી રીતે સમાપ્ત કરવી કે કેમ તેનો નિર્ણય કરશે.

(૪) માલિકને આવી મુદત લંબાવવા માટે કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવે તે સિવાય, નિયંત્રણની કોઈ મુદત લંબાવી શકાશે નહિ.

**ક. ૩૬-ગ. (C) નિયંત્રણ કાઢી નાખવા બાબત**

*(૧) રાજ્ય સરકાર, કોઈ વનના નિયંત્રણની કોઈ મુદત સમાપ્ત કરવાનો નિર્ણય કરે, તો તે રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને અને નિયમોથી ઠરાવવામાં આવે તેની ઉપર બીજી રીતે તેમ જાહેર કરી શકશે;અને તે ઉપરથી વનનો કબજો માલિકને અથવા જો માલિક મૃત્યુ પામ્યો હોય, તો આવા કબજા માટે હકદાર હોય તેવી કોઈ વ્યક્તિને, આવા માલિકને ખાતે જમા હોય તેવાં કોઈ નાણાંની રકમ સાથે આપવો જોઈશે.*

*(૨) આવા નિયંત્રણની મુદત દરમિયાન અથવા તેવી મુદત લંબાવવામાં આવી હોય તે દરમિયાન વન અધિકારીએ પોતાના નિયંત્રણ હેઠળ મુકાયેલ કોઈ વનના સંબંધમાં કરેલ અથવા કરવાનું અભિપ્રેત હોય તેવાં તમામ કાર્યો આવા વનના માલિકને અથવા જેને આ કલમ હેઠળ વનનો કબજો આપવામાં આવ્યો હોય તે વ્યક્તિને બંધનકર્તા રહેશે."*

**ક.૩૭. કેટલાક કિસ્સાઓમાં વનોનું સંપાદન**

*(૧) આ પ્રકરણ હેઠળના કોઈ કિસ્સામાં રાજ્ય સરકારને એમ લાગે કે કોઈ વન કે જમીન વન અધિકારીના નિયંત્રણ હેઠળ મૂકવાને તે જાહેર હેતુઓ માટે સંપાદિત કરવી જોઈશે તો રાજ્ય સરકાર "જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪" ની જોગવાઈ અનુસાર તે સંપાદિત કરવાની કાર્યવાહી કરી શકશે.*

*(૨) કલમ ૩૫ હેઠળના કોઈ જાહેરનામામાં જણાવેલ વન કે જમીનનો માલિક, તેની તારીખથી ઓછામાં ઓછા ત્રણ અથવા વધુમાં વધુ બાર વર્ષની મુદતમાં કોઈપણ સમયે, એ વન કે જમીન જાહેર હેતુઓ માટે સંપાદિત કરવી જોઈએ એવી માગણી કરી શકશે અને રાજ્ય સરકારે તે અનુસાર તે વન કે જમીન સંપાદિત કરવી જોઈશે.*

**રાજ્ય સુધારો**

*(૧) કલમ ૩૭ થી પેટા-કલમ (૧) માં "કે જમીન" એ શબ્દો સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૫(૧) થી કમી કરવી.*

*(૨) સન ૧૯૪૮ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૫ થી કલમ ૩૭ની પેટાકલમ (૨) કમી કરવી.*

**ક.૩૮. માલિકોની વિનંતી ઉપરથી વનનું રક્ષણ**

*(૧) કોઈ જમીનના માલિક અથવા માલિકો એકથી વધુ હોય તે જમીનના ઓછામાં ઓછા એકંદર બે તૃતીયાંશ ભાગના માલિકો તે જમીન ઉપર વન બનાવવા કે તેની ઉપરના વનની જાળવણી માટે નીચે પ્રમાણેની પોતાની ઈચ્છા લિખિત રીતે કલેક્ટર સમક્ષ રજૂ કરી શકશે:*

*(ક)* (A) *પરસ્પર સમજૂતી થાય તેની શરતો પ્રમાણે વન-અધિકારીએ જમીનનો આરક્ષિત કે રક્ષિત વન તરીકે તેમના વતી વહીવટ કરે; અથવા*

*(ખ)* (B) *આ અધિનિયમની તમામ કે કોઈ જોગવાઈ એ જમીનને લાગુ પાડવામાં આવે.*

*(૨) બેમાંથી કોઈપણ પ્રસંગે, તેના સંજોગો અનુસાર રાજ્ય સરકારને યોગ્ય લાગે અને અરજદારોની ઈચ્છા હોય તો અધિનિયમની જોગવાઈઓ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, તે જમીનને લાગુ પાડી શકશે.*

## પ્રકરણ-૬

## ઈમારતી લાકડાં તથા બીજી વનપેદાશ ઉપરની ડ્યુટી

### ક.૩૯. ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશની હેરફેર ઉપર નિયંત્રણ બાબત

*(૧) કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી જાહેર કરે તે રીતે, તે સ્થળે તથા તે દરે નીચે પ્રમાણેનાં તમામ ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશ ઉપર તે ડ્યુટી લઈ શકશે -*

*(ક) (A) આ અધિનિયમ જ્યાં લાગુ પડતો હોય તે રાજ્ય ક્ષેત્રમાં પેદા થયેલા અને જેની ઉપર સરકારનો હક હોય;*

*(ખ) (B) આ અધિનિયમ જ્યાં લાગુ પડતો હોય તે રાજ્યક્ષેત્રોની બહારથી લાવવામાં આવેલ હોય*

*(૨) જ્યારે પણ કિંમત પ્રમાણે તે ડ્યુટી લેવાનો આદેશ આપ્યો હોય ત્યારે કેન્દ્ર સરકાર તે મુજબના જાહેરનામાથી ડ્યુટી આકારવા માટે તેની કિંમત ઠરાવી શકશે.*

*(૩) આ અધિનિયમ કોઈ રાજ્યક્ષેત્રમાં અમલમાં આવે તે વખતે તે રાજ્યક્ષેત્રમાં રાજ્ય સરકારની સત્તાને આધારે ઈમારતી લાકડાં ઉપર અથવા બીજી વન-પેદાશ ઉપર ડ્યુટી લેવામાં આવતી હોય તે તમામ ડ્યુટી આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ યોગ્ય રીતે લેવાય છે તથા લેવામાં આવી છે એમ ગણાશે.*

*(૪) આ કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સંસદ, વિરુદ્ધની જોગવાઈ ન કરે ત્યાં સુધી, સંવિધાનના આરંભ પહેલાં રાજ્ય સરકાર આ કલમ તે વખતે જે પ્રમાણે અમલમાં હતી, તે હેઠળ કાયદેસર રીતે જે ડ્યુટી લેતી હતી તે લેવાનું ચાલુ રાખશે;*

*પરંતુ રાજ્યનાં ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશ અને રાજ્ય બહારના પ્રદેશોની તેના જેવી જ પેદાશ એ બે વચ્ચે પ્રથમની તરફેણમાં ભેદભાવ કરતી અથવા રાજ્ય બહારના પ્રદેશોમાંનાં ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશની બાબતમાં એક પ્રદેશનાં ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશ અને બીજા પ્રદેશનાં તેના જેવાં જ ઈમારતી લાકડાં કે બીજી વન-પેદાશ વચ્ચે ભેદભાવ કરતી કોઈ ડ્યુટી લેવાનો અધિકાર, આ પેટા-કલમમાંના કોઈ મજકૂરથી મળતો નથી.*

### ક.૪૦. ખરીદીનાં નાણાં કે રોયલ્ટીને મર્યાદા લાગુ નહિ પાડવા બાબત

*કોઈ ઈમારતી લાકડાં કે બીજી વન-પ્રદેશ માટે ખરીદીનાં નાણાં કે રોયલ્ટી તરીકે કોઈ રકમ લેવાની હોય તો તે રકમ તે ઈમારતી લાકડાં કે પેદાશની હેરફેર દરમિયાન ડ્યુટી લેવાય છે તે રીતે લેવામાં આવે તો પણ આ પ્રકરણના કોઈ મજકૂરથી તેના ઉપર કોઈ મર્યાદા મુકાતું હોવાનું ગણાશે નહિ.*

## પ્રકરણ - ૭

## ઈમારતી લાકડાં તથા બીજા વન-પેદાશની હેરફેર ઉપર નિયંત્રણ બાબત

### ક.૪૧. વન-પેદાશની હેરફેરના નિયમન માટે નિયમો કરવાની સત્તા

*(૧) ઈમારતી લાકડાં તરાવીને લાવવા બાબત તેમજ ઈમારતી લાકડાં તથા બીજી વન-પેદાશની જમીન માર્ગે કે જળમાર્ગે હેરફેર કરવા બાબત નદીઓ તથા તેમના કાંઠાનું નિયંત્રણ રાજ્ય સરકારમાં નિહિત થશે અને તે તમામ ઈમારતી લાકડાં અને બીજી વન-પેદાશની હેરફેર માટે નિયમો કરી શકશે.*

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના એ નિયમો નીચે પ્રમાણે કરી શકાશે:

(ક) (A) રાજ્યમાં કે રાજ્યમાંથી કે રાજ્યની અંદરનાં સ્થળોએ ઇમારતી લાકડાં કે બીજી વન-પેદાશની આયાત, નિકાસ કે હેરફેર કરવાના નિયત માર્ગો ઠરાવી શકાશે;

(ખ) (B) પાસ આપવાનો યોગ્ય રીતે અધિકાર ધરાવતા અધિકારીના પાસ વિના કે તેવા પાસની શરતો અનુસાર હોય તે સિવાય,. આ ઇમારતી લાકડાં કે બીજી પેદાશની આયાત કે નિકાસ અથવા હેરફેર પર પ્રતિબંધ મૂકી શકાશે;

(ગ) (C) એવા પાસ આપવા, રજૂ કરવા તથા પરત કરવા બાબત અને તેના માટે ભરવાની ફી બાબત જોગવાઈ કરી શકાશે;

**રાજ્ય સુધારા**

કલમ ૪૧ની પેટા-કલમ (૨) માં ખંડ (ગ) માં "અને તેના માટે ભરવાની ફી બાબત" એ શબ્દો સન ૧૯૬૩ના ૪૮મા અધિનિયમની કલમ ૨થી, કમી કરવામાં આવ્યા છે.

(ઘ) (D) જેની કિંમત તરીકે અથવા તેના ઉપરના એવી કોઈ ડ્યુટી, ફી, રોયલ્ટી કે લાગત તરીકે સરકારને નાણાં ભરવાનાં હોવાનું માનવાને કારણ હોય તે ઇમારતી લાકડું કે બીજી વન-પેદાશને લઈ જવાતી અટકાવવા, તેનો રિપોર્ટ કરવા, તે તપાસવા તથા તેની ઉપર નિશાની કરવા બાબતની જોગવાઈ કરી શકાશે;

(ચ) (E) એવાં ઇમારતી લાકડાં કે બીજી પેદાશ તપાસવા અથવા એવાં નાણાં ભરવા અથવા તેની ઉપર એવી નિશાની કરાવવા માટે તેનો ચાર્જ ધરાવનાર વ્યક્તિએ તેને જ્યાં લઈ જવી જોઈએ તે ડિપો સ્થાપવા તેનું નિયમન કરવાની, તથા એવું ઇમારતી લાકડું કે બીજી પેદાશ ડિપોમાં લઈ જવા, ભરવા તથા ત્યાંથી ખસેડવા અંગેની શરતોની જોગવાઈ કરી શકાશે;

(છ) (F) ઇમારતી લાકડાં કે બીજી વન-પેદાશની હેરફેર માટે, વપરાતો નદીનો માર્ગ કે કાંઠો બંધ કરવા ઉપર અથવા તેમાં નડતર કરવા ઉપર અને એવી નદીમાં ઘાસ, ઝાંખરાં, ડાળીઓ કે પાંદડાં નાંખવા ઉપર અથવા એવી નદીને બંધ કરે અથવા તેમાં નડતર કરે એવો કાર્ય ઉપર પ્રતિબંધ મૂકી શકાશે;

(જ) (G) એવી નદીના માર્ગમાં કે કાંઠામાં થતી નડતર રોકવા કે દૂર કરવા અને કોઈ નડતર રોકવા કે દૂર કરવા માટે જેના કાર્ય કે ગફલતને લીધે ખર્ચ કરવાની જરૂર પડી હોય તે વ્યક્તિ પાસેથી તે વસૂલ કરવાની જોગવાઈ કરી શકાશે;

(ઝ) (H) નિર્દિષ્ટ કરેલી સ્થાનિક હદમાં, વહેરવાના ખાડા સ્થાપવાની, ઇમારતી લાકડાં પરિવર્તિત કરવા, કાપવા, બાળવા, સંતાડવા કે બનાવવાની, તેની ઉપરની કોઈ નિશાની બદલવા કે ભૂંસી નાંખવાની અથવા ઇમારતી લાકડાં ઉપર નિશાની કરવા માટેના હથોડા કે બીજાં સાધનો રાખવાની કે સાથે લઈ જવાની સંપૂર્ણ મનાઈ કરી શકાશે અથવા તે અંગે શરતો મૂકી શકાશે.

**રાજ્ય સુધારા**

કલમ ૪૧ની પેટા-કલમ (૨)ના ખંડ (ઝ)માં "અથવા તે અંગે શરતો મૂકી શકાશે" એ શબ્દોને બદલે "અથવા લાઈસન્સ આપીને તેમ કરવાનું નિયમન કરી શકાશે." એ શબ્દો સને ૧૯૬૩ના ગુજરાતના ૪૮મા અધિનિયમની કલમ ૨થી દાખલ કરવામાં આવ્યા છે.

*(ટ)* (I) *ઈમારતી લાકડાં માટે માલિકી-ચિહ્નોના ઉપયોગનું અને આવા ચિહ્નના રજિસ્ટ્રેશનનું નિયમન કરી શકશે. આવું રજિસ્ટ્રેશન કાયદેસર રહેવાની મુદત ઠરાવી શકશે. એક વ્યક્તિ એવાં કેટલાંક ચિહ્નો રજિસ્ટર કરાવી શકશે, તેની સંખ્યા મર્યાદિત કરી શકાશે અને એવા રજિસ્ટ્રેશન માટે ફી લેવાની જોગવાઈ કરી શકાશે.*

**રાજ્ય સુધારા**

*૧. ખંડ (ટ) માં, 'અને એવા રજિસ્ટ્રેશન માટે ફી લેવાની જોગાવઈ કરી શકાશે' એ શબ્દો એજનથી કાઢી નાખવામાં આવ્યા છે.*

*૨. કલમ ૪૧ની પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ (૨-ક) સન ૧૯૬૩ના ગુજરાતના ૪૮મા અધિનિયમની કલમ-૨ થી દાખલ કરવામાં આવી છે.*

*"(૨-ક) પેટા-કલમ (૨)ના (ગ), (ઝ) અને (ટ)માં ઉલ્લેખ કરેલ પાસ કાઢી આપવા માટે, લાઈસન્સો આપવા માટે અને માલિકીનાં ચિહ્નો રજિસ્ટર કરવા માટે ફી લેવાની આ કલમ હેઠળ કરેલા કોઈ પણ નિયમોથી જોગવાઈ કરી શકાશે."*

*(૩) આ કલમ હેઠળ કરાયેલો કોઈ નિયમ કોઈ નિર્દિષ્ટ કરેલી જાતના ઈમારતી લાકડાંને અથવા બીજી વન-પેદાશને કે નિર્દિષ્ટ કરેલ કોઈ સ્થાનિક વિસ્તારને લાગુ પડશે નહિ એવો આદેશ રાજ્ય સરકાર કરી શકશે.*

**૪૧.ક (A) જકાત સરહદોને પાર કરીને ઈમારતી લાકડાં લઈ જવા સંબંધમાં કેન્દ્ર સરકારની સત્તા**

*કલમ ૪૧માં ગમે તે મજકૂર હોય તે છતાં, પોતે ઠરાવ્યા પ્રમાણેની જકાત સરહદ પાર કરીને ઈમારતી લાકડાં કે બીજી વન પેદાશ આ અધિનિયમ લાગુ પડતો હોય તેવા પ્રદેશોમાં અથવા તેમાંથી આયાત કે નિકાસ કરવાના અથવા તેની અંદર હેરફેર કરવાના નિયત માર્ગો ઠરાવવા કેન્દ્ર સરકાર નિયમો કરી શકશે અને કલમ ૪૧ હેઠળ કરેલા કોઈ પણ નિયમનો અમલ આ કલમ હેઠળ કરેલા નિયમોને અધીન રહીને થઈ શકશે.*

**ક.૪૨. કલમ ૪૧ હેઠળ કરાયેલા નિયમોના ભંગ બદલ શિક્ષા**

*(૧) રાજ્ય સરકાર, આ નિયમોથી તેના ઉલ્લંઘન માટે છ મહિના સુધીની કેદની, અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની, અથવા તે બંનેની શિક્ષા ઠરાવી શકશે.*

*(૨) ગુનો સૂર્યાસ્ત પછી અને સૂર્યાસ્ત પહેલાં કરવામાં આવે અથવા કાયદેસરના સત્તાધિકારીનો સામનો કરવાની તેયારી કરીને કરવામાં આવે અથવા ગુનેગાર તેવા જ ગુના માટે અગાઉ દોષિત ઠર્યો હોય, ત્યારે પેટા-કલમ (૧) માં જણાવેલી શિક્ષા કરતાં બમણી શિક્ષા કરવાની જોગવાઈ આવા નિયમોથી કરી શકાશે.*

**ક.૪૩. ડિપોમાં વન-પેદાશને થયેલ નુકસાન માટે સરકાર તથા વન-અધિકારીઓ જવાબદાર નહિ હોવા બાબત**

*કોઈ ઈમારતી લાકડું કે બીજી વન-પેદાશ કલમ ૪૧ હેઠળ કરાયેલા કોઈ નિયમ મુજબ સ્થપાયેલા ડિપોમાં હોય ત્યારે અથવા આ અધિનિયમના હેતુઓ માટે તે બીજી કોઈ જગાએ રોકી રાખેલ હોય ત્યારે, તેના સંબંધમાં કોઈ હાનિ કે નુકસાન થાય તે માટે સરકાર જવાબદાર રહેશે નહિ અને વન-અધિકારીએ ગફલત, દ્વેષ કે કપટથી હાનિ કે નુકસાન કરેલું હોય તે સિવાય, એવી કોઈ હાનિ કે નુકસાન માટે તે જવાબદાર રહેશે નહિ.*

**ક.૪૪. ડિપોમાં થયેલ અકસ્માત વખતે તમામ વ્યક્તિઓની મદદ કરવાની જવાબદારી**

*એવા ડિપોમાંની કોઈ મિલકત જોખમમાં મુકાય એવો કોઈ અકસ્માત થાય કે આફત આવે ત્યારે એવું જોખમ ટાળવા માટે અથવા તેવી મિલકતને નુકસાન કે હાનિથી બચાવવા માટે વન અધિકારી મદદ માગે ત્યારે, તે ડિપોમાં સરકારે કે ખાનગી વ્યક્તિએ કામે રાખેલ દરેક વ્યક્તિએ, તેને મદદ કરવી જોઈશે.*

**પ્રકરણ-૮**

## તણાઈ આવેલાં તથા વેરવિખેર થયેલાં ઈમારતી લાકડાં એકઠાં કરવા બાબત

**ક.૪૫. કેટલીક જાતનાં ઈમારતી લાકડાં ઉપર હક સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, સરકારની મિલકત હોવાનું ગણવા અને તે અનુસાર તે એકઠાં કરવા બાબત.**

*(૧) તણાઈ આવેલાં, કાંઠા પર ફેંકાઈ આવેલાં, વેરવિખેર થયેલાં અથવા તળિયે બેઠેલાં, તમામ ઈમારતી લાકડાં, કલમ ૪૧ હેઠળ કરાયેલા નિયમ અનુસાર રજિસ્ટર થયેલ ન હોય એવાં ચિહ્નો ધરાવતાં અથવા જેમના ઉપરથી ચિહ્ન, અગ્નિને કારણે કે બીજી રીતે ભૂંસાઈ કે બદલાઈ કે બગડી ગયેલ હોય, તે તમામ લાકડાં કે ઈમારતી લાકડાં અને*

*રાજ્ય સરકાર આદેશ આપે તે વિસ્તારોમાં, ચિહ્ન વિનાનાં તમામ લાકડાં તથા ઈમારતી લાકડાં,*

*આ પ્રકરણમાં જોગવાઈ કર્યા પ્રમાણે, તેમની ઉપર કોઈ વ્યક્તિ પોતાનો હક અને ઈલાખો સાબિત ન કરે ત્યાં સુધી સરકારની, મિલકત હોવાનું ગણાશે.*

*(૨) વન-અધિકારી અથવા કલમ ૫૧ હેઠળ કરાયેલા કઈ નિયમની રૂએ તે એકઠાં કરવાનો હક હોય તે અન્ય વ્યક્તિ એવાં ઈમારતી લાકડાં એકઠાં કરી શકશે અને વન-અધિકારીએ તણાઈ આવેલાં ઈમારતી લાકડાં માટેના ડિપો તરીકે કરેલ ડિપોમાં તેને લઈ શકશે.*

*(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી કોઈ વર્ગમાં ઈમારતી લાકડાંને આ કલમની જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકશે.*

**ક.૪૬. તણાઈ આવેલાં ઈમારતી લાકડાંના હકદારને નોટિસ**

*કલમ ૪૫ હેઠળ એકઠાં કરાયેલાં ઈમારતી લાકડાં માટે વન અધિકારી વખતોવખત જાહેર નોટિસ આપશે એવી નોટિસમાંથી ઈમારતી લાકડાનું વર્ણન હોવું જોઈશે તથા તે નોટિસ ઈમારતી લાકડાં માટે હકદાર વ્યક્તિને નોટિસની તારીખથી તે મહિના કરતાં ઓછી નહિ તેટલી નિર્દિષ્ટ મુદતમાં આવા અધિકારી સમક્ષ હકની માંગણી સંબંધી લિખિત કેફિયત આપવાનું ફરમાવશે.*

**ક.૪૭. આવાં ઇમારતી લાકડાં બાબત માગણી થયા પછીની કાર્યરીતિ**

*(૧) ઉપર જણાવ્યા પ્રમાણે આવી કોઈ કેફિયત રજૂ થઈ હોય ત્યારે, વન અધિકારી પોતાને યોગ્ય લાગે તે તપાસ કર્યા પછી, તે અંગે તેમ કરવાનાં કારણોની નોંધ કરીને માંગણી નામંજૂર કરી શકશે અથવા તે ઈમારતી લાકડાં માંગણી કરનારને સોંપી શકશે.*

*(૨) આવાં ઈમારતી લાકડાં માટે એક કરતાં વધારે વ્યક્તિઓ માંગણી કરે ત્યારે વન અધિકારી તેઓ પૈકી જે વ્યક્તિનો તેના ઉપર હક હોવાનું પોતાને લાગે તેને તે સોંપી શકશે અથવા માંગણી કરનારાઓને દીવાની કોર્ટમાં નિર્ણય કરાવવા જણાવી શકશે અને તે ઈમારતી લાકડાના નિકાલ*

*માટે આવી કોઈ કોર્ટમાં હુકમ આવે ત્યાં સુધી તે રાખી મૂકી શકશે.*

*(૩)* *આ કલમ હેઠળ જેની માંગણી નામંજૂર કરવામાં આવી હોય તે વ્યક્તિ, પોતે માગણી કરેલાં ઈમારતી લાકડાંનો કબજો મેળવવા માટે એવી નામંજૂરીની તારીખથી ત્રણ મહિનાની અંદર, દાવો માંડી શકશે, પરંતુ એવી નામંજૂરીને કારણે અથવા ઈમારતી લાકડાં રોકી રાખ્યા કે ખસેડવાને કારણે અથવા આ કલમ હેઠળ અન્ય કોઈ વ્યક્તિને સોંપવાને કારણે સરકાર અથવા વનઅધિકારી પાસેથી કોઈ વ્યક્તિ કંઈપણ વળતર કે ખર્ચ વસૂલ કરી શકશે નહિ.*

*(૪)* *આ કલમમાં જોગવાઈ કર્યા પ્રમાણે ઈમારતી લાકડાં સોંપવામાં ન આવે અથવા તેને માટે દાવો માંડવામાં ન આવે ત્યાં સુધી એ લાકડાંને કોઈ દીવાની; ફોજદારી કે મહેસૂલી કોર્ટનો કામગીરી હુકમ લાગુ પડશે નહિ.*

**ક.૪૮. માગણી ન કરેલાં ઈમારતી લાકડાંના નિકાલ બાબત**

*ઉપર જણાવ્યા પ્રમાણે કોઈ કેફિયત રજૂ કરવામાં ન આવે અથવા કલમ ૪૬ હેઠળ કાઢેલી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી રીતે તથા મુદતમાં હકદાર પોતાની માંગણી ન કરે અથવા તેણે એવી માંગણી કરી હોય અને તે નામંજૂર કરવામાં આવેલ હોય અને કલમ ૪૭ થી નક્કી કરેલી વધારાની મુદતમાં આવાં ઈમારતી લાકડાંનો કબજો મેળવવા માટે તે દાવો ન માંડે, ત્યારે આવાં ઈમારતી લાકડાંની માલિકી સરકારમાં નિહિત થશે અથવા કલમ ૪૭ હેઠળ આવાં ઈમારતી લાકડાં અન્ય વ્યક્તિને સોંપ્યાં હોય તો પોતે ઊભા ન કરેલા તમામ બોજાથી મુક્ત રીતે તે અન્ય વ્યક્તિને તેવી માલિકી પ્રાપ્ત થશે.*

**ક.૪૯. આવાં ઈમારતી લાકડાંને થયેલા નુકસાન માટે સરકાર અને તેના અધિકારીઓ જવાબદાર નહિ હોવા બાબત**

*કલમ ૪૫ હેઠળ એકઠાં કરાયેલાં કોઈ ઈમારતી લાકડાંના સંબંધમાં કોઈ હાનિ કે નુકસાન માટે સરકાર જવાબદાર રહેશે નહિ અને કોઈ વન-અધિકારીએ ગફલત, દ્વેષ કે કપટથી કોઈ હાનિ કે નુકસાન કર્યું હોય તે સિવાય, એવી હાનિ અથવા નુકસાન માટે તે જવાબદાર રહેશે નહિ.*

**ક.૫૦. ઈમારતી લાકડાં માગણી કરનારને સોંપવામાં આવે તે પહેલાં તેણે કરવાની ભરપાઈ**

*કલમ ૫૧ હેઠળ કરાયેલા કોઈ નિયમ હેઠળ ઈમારતી લાકડાં માટે લેણી નીકળતી રકમ વન-અધિકારી કે તે મેળવવાને હકદાર અન્ય વ્યક્તિને ભરી ન આપે ત્યાં સુધી, ઉપર જણાવ્યા પ્રમાણે એકઠાં કરાયેલાં કે સોંપવામાં આવેલાં ઈમારતી લાકડાંનો કબજો પાછો મેળવવા કોઈ વ્યક્તિ હકદાર થશે નહિ.*

**ક.૫૧. નિયમો કરવાની અને શિક્ષા ઠરાવવાની સત્તા**

*(૧)* *રાજ્ય સરકાર નીચેની બાબતોનું નિયમન કરવા માટે નિયમો કરી શકશેઃ*

*(ક)* (A) *કલમ ૪૫માં જણાવેલાં તમામ ઈમારતી લાકડાંને બચાવી લેવાં, તે એકઠાં કરવાં અને તેના નિકાલ બાબત;*

*(ખ)* (B) *ઈમારતી લાકડાંના બચાવ માટે અને તે એકઠાં કરવા માટે ઉપયોગમાં લેવાતી હોડીઓના ઉપયોગ અને રજિસ્ટ્રેશન બાબત;*

*(ગ)* (C) *એ ઈમારતી લાકડાંને બચાવી લેવા, એકઠાં કરવા તેમની હેરફેર કરવા, તેને રાખી મૂકવા અથવા તેના નિકાલ માટે ચૂકવવાની રકમો બાબત; અને*

*(ઘ)* (D) *એ ઇમારતી લાકડાં ઉપર ચિહ્નો કરવા માટે વાપરવાના હથોડા તથા બીજાં સાધનોના ઉપયોગ તથા તેના રજિસ્ટ્રેશન બાબત.*

*(૨) આ કલમ હેઠળ કરાયેલા કોઈ નિયમોના ઉલ્લંઘન માટે રાજ્ય સરકાર છ મહિનાની મુદતની કેદની, અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા, અથવા તે બંને શિક્ષા, કરાવી શકશેઃ*

**પ્રકરણ-૯**

## શિક્ષા અને કાર્યરીતિ

**ક.પ૨.સરકાર દાખલ કરવાને પાત્ર મિલકત કબજે લેવા બાબત**

*(૧) કોઈ વન-પેદાશ સંબંધમાં વન-ગુનો કરવામાં આવ્યો હોવાનું માનવાને કારણ હોય ત્યારે, વન-અધિકારી કે પોલીસ અધિકારી તે ગુનો કરવામાં વપરાયેલાં તમામ ઓજારો, હોડીઓ, ગાડા કે ઢોર સહિત તે પેદાશ કબજે લઈ શકશે.*

**રાજ્ય સુધારો**

*(૧) પેટા-કલમ (૧)માં "ગાડા" શબ્દને બદલે "વાહનો" શબ્દ મૂક્યો છે.*

*(સન ૧૯૫૨ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૨ થી કરવી)*

*(૨) પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી -*

*"(૧-ક) જે કોઈ વન-પેદાશના સંબંધમાં કોઈ વન અંગેનો ગુનો કરવામાં આવ્યો છે અથવા કરવામાં આવી રહ્યો છે એમ માનવાને કારણ હોય તે વન-પેદાશની હેરફેર કરવા માટે કોઈ વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો છે અથવા આવી રહ્યો છે એમ માનવાને કોઈ વન અધિકારી અથવા પોલીસ અધિકારીને કારણ હોય, તો તે અધિકારી, આવા વાહનના ડ્રાઈવરને અથવા તેનો હવાલો ધરાવતી અન્ય વ્યક્તિને, વાહન થોભાવવા ફરમાવી શકાશે અને વાહનમાંની ચીજ-વસ્તુઓ તપાસવા માટે અને વનપેદાશને લગતા અને આવા ડ્રાઈવરના અથવા વાહનનો હવાલો ધરાવતી અન્ય વ્યક્તિના અથવા વાહનમાં હોય તેવી અન્ય કોઈ વ્યક્તિના કબજામાંના તમામ દસ્તાવેજોની તપાસણી માટે, વાજબી રીતે આવશ્યક હોય ત્યાં સુધી, તે વાહનને ઊભું રખાવી શકશે."*

**રાજ્ય સુધારો**

*(જુઓ સન ૧૯૮૩ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૨થી)*

*(૩) પેટા-કલમ (૨)માં, "જેના અંગે તે મિલકત કબજે લીધી હોય તે ગુનાનો ઇન્સાફ કરવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને તેણે બને તેટલો જલદી આવી મિલકત કબજે કર્યાનો રિપોર્ટ કરવો જોઈશે" એ શબ્દોને બદલે, નીચેનો મજકૂર કરવો :*

*"(ક) જેના અંગે તે મિલકત કબજે લીધી હોય તે ગુનો, રાજ્ય સરકારની મિલકત હોય અથવા જેમાં રાજ્ય સરકારને કોઈ હિત હોય તે વન-પેદાશના સંબંધમાં કરવામાં આવ્યો હોય, ત્યારે કલમ ૬૧-ક હેઠળ, સંબંધિત અધિકૃત અધિકારીને; અને*

(ખ) અન્ય દાખલામાં, જેના અંગે તે મિલકત કબજે લીધી હોય તે ગુનાનો ઈન્સાફ કરવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને;

તેણે બને તેટલો જલદી આવી મિલકત કબજે કર્યાનો રિપોર્ટ કરવો જોઈશે."

(જુઓ સન ૧૯૮૩ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૨ થી)

**ક.૫૩. કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી મિલકત મુક્ત કરવાની સત્તા**

જેના કારણે ઓજારો, હોડીઓ, ગાડાં કે ઢોરનો કબજો લેવામાં આવ્યો હોય તે ગુનાનો ઈન્સાફ કરવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટ સમક્ષ ફરમાવવામાં આવે તો અને ત્યારે, તે મિલકત રજૂ કરવાનો મુચરકો કે મિલકતનો માલિક કરી આપે ત્યારે, કલમ ૫૨ હેઠળ તે મિલકત રેન્જરના દરજ્જાથી ઊતરતા નહિ તેવા જે વન-અધિકારીએ અથવા તેની સત્તા નીચેના તેવા વન-અધિકારીએ કબજે લીધેલ હોય તે વન-અધિકારી તે મિલકત મુક્ત કરી શકશે.

**રાજ્ય સુધારો**

આ કલમમાં "ગાડાં" શબ્દને બદલે "વાહનો" શબ્દ મૂક્યો છે.

(જુઓ સન ૧૯૫૨ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૨થી કરવી)

"તે વન-અધિકારી તે મિલકત" એ શબ્દો પછી "કલમ ૬૧-૪ને અધીન રહીને" એ શબ્દો મૂકવા.

(સન ૧૯૮૩નો ગુજરાતનો ૧૯મો અધિનિયમ કલમ ૩)

**ક.૫૪. ત્યાર પછીની કાર્યરીતિ**

આવો રિપોર્ટ મળ્યા ઉપરથી, ગુનેગારની ધરપકડ તથા ઈન્સાફી કાર્યવાહી માટે તથા મિલકતના કાયદા અનુસાર નિકાલ માટે મેજિસ્ટ્રેટ બનતી ત્વરાથી જરૂરી પગલાં લેશે.

**રાજ્ય સુધારો**

(જુઓ સન ૧૯૮૬નો ગુજરાત અધિનિયમ ૧૯ની કલમ ૪) થી આ કલમ કમી કરી છે.

**ક.૫૫. વન-પેદાશ, ઓજારો વગેરે ક્યારે સરકાર દાખલ થવાને પાત્ર થાય**

(૧) સરકારની મિલકત ન હોય તથા જે બાબત વન-ગુનો કરવામાં આવ્યો હોય તેવાં તમામ ઈમારતી લાકડાં કે વન-પેદાશ અને વન-ગુનો કરવામાં વાપરેલાં તમામ ઓજારો, હોડીઓ, ગાડાં અને ઢોર સરકાર-દાખલ થવાને પાત્ર થશે.

(૨) એ ગુના માટે ઠરાવી હોય તે શિક્ષા ઉપરાંત આ મિલકત સરકાર દાખલ કરી શકશે.

**રાજ્ય સુધારો**

(૧) પેટા-કલમ (૧) માં "ગાડાં" શબ્દને બદલે "વાહનો" શબ્દ મૂકવો.

(જુઓ સન ૧૯૫૨ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૨) થી

(૨) "સરકાર દાખલ થવાને પાત્ર થશે" એ શબ્દોને બદલે "કલમ ૬૧-૪ ને અધીન રહીને, સરકાર દાખલ થવાને પાત્ર થશે" એ શબ્દો આંકડા અને અક્ષર મૂકવા

(જુઓ સન ૧૯૮૩નો ગુ. અધિનયમ ૧૯ની કલમ ૫) થી

**ક.૫૬. વન-ગુનાના ઈન્સાફનું કામ પૂરું થયે જેના સંબંધમાં ગુનો થયો હોય તે પેદાશનો નિકાલ**

*વન-ગુનાના ઈન્સાફનું કામ પૂરું થાય ત્યારે, આવો ગુનો જેના સંબંધમાં કરવામાં આવ્યો હોય તે વન પેદાશ સરકારની મિલકત હોય અથવા સરકાર દાખલ થયેલ હોય તો વન-અધિકારી તે સંભાળી લેશે અને તેમ ન હોય તો, કોર્ટ ફરમાવે તેવી રીતે તે તેનો નિકાલ કરી શકશે.*

*અન્વયે વનપેદાશ જ્યારે જપ્ત કરવામાં આવે ત્યારે જ આ કલમ લાગુ પડે છે. કલમ પર*

*(ઈબ્રાહીમ વિ. સ્ટેટ ૪ જી.એલ.આર. ૪૯૩.)*

**રાજ્ય સુધારો**

*(સન ૧૯૮૩નો ગુ.અ., ૧૯ કલમ ૬થી)*

*"તેમ ન હોય તો "એ શબ્દોને બદલે "તેમ ન હોય તો કલમ ૬૧-૪ ને અધીન રહીને" એ શબ્દો આંકડા અને અક્ષર મૂકવા.*

**ક. ૫૭. ગુનેગાર અજ્ઞાત હોય અથવા મળી શકતો ન હોય ત્યારે કાર્યરીતિ**

*ગુનેગાર અજ્ઞાત હોય અથવા તે મળી શકતો ન હોય અને ગુનો કરવામાં આવ્યો છે એવું મેજિસ્ટ્રેટને લાગે ત્યારે, જેના સંબંધમાં ગુનો કરવામાં આવ્યો હોય તે મિલકત સરકાર દાખલ કરી, વન-અધિકારીએ તે સંભાળી લેવા અથવા તે માટે હકદાર હોવાનું પોતાને લાગે તે વ્યક્તિને તે સોંપી દેવા મેજિસ્ટ્રેટ હુકમ કરી શકશે;*

*પરંતુ એવી મિલકત કબજે લીધાની તારીખથી એક મહિનો વીતે નહિ ત્યાં સુધી, અથવા તે મિલકત ઉપર પોતાનો હક્ક કરનાર કોઈ વ્યક્તિ હોય તો તેને તેના દાવાના સમર્થન માટે તે કોઈ પુરાવો રજૂ કરે તો તે સાંભળ્યા વિના આવો કોઈ હુકમ કરી શકશે નહિ.*

**રાજ્ય સુધારો**

*(સન ૧૯૮૩ના ગુ.અ. ૧૯ની કલમ ૭થી)*

*"ગુનો કરવામાં આવ્યો છે એવું મેજિસ્ટ્રેટોને લખો ત્યારે" એ શબ્દોને બદલે "ગુનો કરવામાં આવ્યો છે એવું મેજિસ્ટ્રેટોને લાગે ત્યારે કલમ ૬૧ જ ને અધીન રહીને" એ શબ્દો આંકડા અને અક્ષર મૂકવા.*

**ક. ૫૮. કલમ પર હેઠળ કબજે લીધેલી બગડી જાય તેવી મિલકત બાબત કાર્યરીતિ**

*આમાં આ પહેલાં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ પર હેઠળ કબજે લીધેલી અને ઝડપથી અને કુદરતી રીતે બગડી જાય તેવી મિલકત વેચવા માટે મેજિસ્ટ્રેટ હુકમ કરી શકશે અને તે મિલકત વેચી ન હોય તો, તે અંગે પોતે જે તજવીજ કરી હોય તે જ તજવીજ વેચાણની ઊપજ અંગે કરી શકશે.*

**રાજ્ય સુધારો**

*(સન ૧૯૮૩નો ગુજરાત અધિનિયમ ૧૯ની કલમ ૮ થી)*

*(૧) "આમાં આ પહેલાં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ પર હેઠળ કબજે લીધેલી અને ઝડપથી અને કુદરતી રીતે બગડી જાય તેવી મિલકત વેચવા માટે મેજિસ્ટ્રેટ હુકમ કરી શકશે" એ શબ્દોને બદલે, "કલમ પર હેઠળ, જેણે કબજો લીધો હોય તે વન અધિકારી, આ અધિનિયમમાં અથવા અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ પર હેઠળ કબજે લીધેલી અને ઝડપથી અને કુદરતી રીતે બગડી જાય તેવી મિલકત વેચી શકશે" એ શબ્દો અને આંકડા મૂકવા;*

(૨) અંતે નીચેનો મજકૂર ઉમેરવો :

"અને તેણે, તેના વરિષ્ઠ અધિકારીને, આવા દરેક વેચાણ અંગે રિપોર્ટ કરવો જોઈશે."

**ક.૫૯. કલમ ૫૫, કલમ ૫૬ કે કલમ ૫૭ હેઠળ કરેલા હુકમો સામે અપીલ**

કલમ ૫૨ હેઠળ મિલકત કબજે લેનાર અધિકારી કે તેનો ઉપરી અધિકારી અથવા તે પ્રમાણે કબજે લીધેલી મિલકતમાં પોતાના હિતનો દાવો કરનાર કોઈ વ્યક્તિ કલમ ૫૫, કલમ ૫૬ કે કલમ ૫૭ હેઠળ થયેલા કોઈ હુકમની તારીખથી એક મહિનાની અંદર એવા મેજિસ્ટ્રેટે કરેલા હુકમો સામે સામાન્ય રીતે જે કોર્ટને અપીલ થઈ શકતી હોય તે કોર્ટને અપીલ કરી શકશે અને અપીલમાં થયેલો હુકમ આખરી રહેશે.

**ક. ૬૦. મિલકત સરકારમાં ક્યારે નિહિત થાય**

યથાપ્રસંગ, કલમ ૫૫ કે કલમ ૫૭ હેઠળ કોઈ મિલકત સરકાર દાખલ કરવા હુકમ થયો હોય અને તે હુકમ સામે અપીલ કરવા માટેની કલમ ૫૯માં ઠરાવેલી મુદત પૂરી થઈ હોય તથા એવી અપીલ કરવામાં આવી ન હોય અથવા એવી અપીલ થઈ હોય અને અપીલ-કોર્ટ એવી તમામ મિલકત અંગે તમામ મિલકત અંગે કે તેના ભાગ અંગે હુકમ બહાર રાખે ત્યારે, યથા પ્રસંગે, તે તમામ મિલકત કે તેનો તે ભાગ તમામ બોજાથી મુક્ત રીતે સરકારમાં નિહિત થશે.

**ક. ૬૧. કબજે લીધેલી મિલકત મુક્ત કરવાની સત્તાનો અપવાદ**

રાજ્ય સરકાર આ અર્થે અધિકાર આપેલા અધિકારીની કલમ ૫૨ હેઠળ કબજે લીધેલી કોઈ મિલકતને તરત મુક્ત કરવાનો આદેશ આપવાની સત્તાને આમાંના ઉપર જણાવેલા કોઈ મજકૂરથી બાધ આવતો હોવાનું ગણાશે નહિ.

**રાજ્ય સુધારો**

સન ૧૯૮૩ના ગુજરાત અધિનિયમ ૧૯ની કલમ ૯ થી કલમ ૬૧ પછી નીચેની કલમો દાખલ કરવી :

**કેટલાક દાખલામાં વન-અધિકારીઓએ મિલકત સરકાર દાખલ કરવા બાબત**

"૬૧ ક **(A)** (૧) આ પ્રકરણની પૂર્વવર્તી જોગવાઈઓમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકારની મિલકત હોય તેવી કોઈ વન-પેદાશના સંબંધમાં કોઈ વન અંગેનો ગુનો કરવામાં આવ્યો હોવાનું મનાતું હોય, ત્યારે કલમ ૫૨ની પેટા કલમ (૧) હેઠળ, મિલકત કબજે લેનાર અધિકારીએ, ગેરવાજબી વિલંબ કર્યા વિના, તે મિલકત અને આવો ગુનો કરવામાં ઉપયોગમાં લેવાયેલ તમામ સાધનો, દોરડાં, સાંકળો, હોડીઓ, વાહનો અને ઢોર, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ અર્થે અધિકૃત કરેલા અધિકારી (જેનો આમાં હવે પછી, "અધિકૃત અધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની સમક્ષ રજૂ કરવા જોઈશે અને એવા અધિકારી, મદદનીશ વન-સંરક્ષકના દરજ્જા કરતાં ઊતરતા દરજ્જાના ન હોવા જોઈશે.

(૨) અધિકૃત અધિકારી, કલમ ૫૨ ની પેટા-કલમ (૧) હેઠળ; રાજ્ય સરકારની મિલકત હોય તેવી કોઈ વન-પેદાશ કબજે લે અથવા પેટા-કલમ (૧) હેઠળ, આવી કોઈ મિલકત તે અધિકૃત અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવે અને તેને એમ ખાતરી થાય કે આવી મિલકતના સંબંધમાં વન અંગેનો ગુનો કરવામાં આવ્યો છે, ત્યારે આવા અધિકૃત અધિકારી, આવો વન અંગેનો ગુનો થયો છે તે માટે ફરિયાદ દાખલ કરવામાં આવી હોય કે ન હોય તો પણ, એવી રીતે કબજે લીધેલ મિલકત અને આવો ગુનો કરવામાં ઉપયોગમાં લેવાયેલ તમામ સાધનો, દોરડાં, સાંકળો, હોડીઓ, વાહનો અને ઢોર, સરકાર દાખલ કરવાનો હુકમ કરી શકશે.

(૩) (ક) પેટા-કલમ (૨) હેઠળ સરકાર દાખલ કરવાનો હુકમ કર્યા પછી, અધિકૃત અધિકારીનો એવો અભિપ્રાય થાય કે જાહેર હિતમાં તેમ કરવું ઈષ્ટ છે, ત્યારે તેઓ, સરકાર દાખલ કરેલી મિલકત અથવા તેનો કોઈ ભાગ, જાહેર લિલામથી વેચવાનો હુકમ કરી શકશે.

(ખ) સરકાર દાખલ કરેલી કોઈ મિલકત, ઉપર કહ્યા પ્રમાણે વેચવામાં આવી હોય, ત્યારે તેની આવક, તેમાંથી આવા કોઈપણ લિલામનું ખર્ચ અથવા તેને લગતું આનુષંગિક ખર્ચ બાદ કર્યા પછી, કલમ ૬૧-ક હેઠળ તે મિલકત સરકાર દાખલ કરવા માટે કરેલો હુકમ, કલમ ૬૧ ગ અથવા ૬૧ ઘ હેઠળના કોઈ હુકમથી રદ અથવા રદબાતલ કરવામાં આવે, ત્યારે તેના માલિકને અથવા જેની પાસેથી તે કબજે લેવામાં આવી હોય તે વ્યક્તિને, આવા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ ચૂકવવી જોઈશે.

**ક. ૬૧-ક હેઠળ સરકાર દાખલ કર્યા પહેલાં, કારણદર્શક નોટિસ કાઢવા બાબત**

**૬૧.ખ (B)** (૧) જેની પાસેથી કોઈ વન-પેદાશ અથવા સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોર કબજે લેવામાં આવ્યું હોય તે કોઈ વ્યક્તિને, જે કારણોસર તે સરકાર દાખલ કરવા ધાર્યું હોય તે કારણોની તેને જાણ કરતી અને તેના વાંધા હોય તો તે વિચારણામાં લેવા અંગેની લેખિત નોટિસ આપવામાં આવી હોય તે સિવાય, કોઈ વન-પેદાશ અથવા સાધનો, દોરડાં, સાંકળો, હોડીઓ, વાહનો અથવા ઢોર સરકાર દાખલ કરવા અંગેનો હુકમ, કલમ ૬૧ક હેઠળ કરી શકાશે નહિ.

પરંતુ કોઈ મોટર વાહન સરકાર દાખલ કરવા અંગેનો કોઈ હુકમ કરી શકાશે નહિ, સિવાય કે અધિકૃત અધિકારીના અભિપ્રાય પ્રમાણે તેના રજિસ્ટર થયેલા માલિકને લેખિત નોટિસ આપવાનું શક્ય હોય, તો તેવી નોટિસ આપવામાં આવી હોય, તો તે વિચારણામાં લેવામાં આવ્યા હોય.

(૨) કોઈ સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોરના માલિક, અધિકૃત અધિકારીને ખાતરી થાય તે રીતે સાબિત કરે કે પોતાની, તેનો એજન્ટ હોય, તો તેની અને સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોરનો હવાલો ધરાવતી વ્યક્તિની જાણ અથવા મૂક સંમતિ વિના, તેનો વન-પેદાશ થઈ જવામાં ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેઓ પૈકી દરેકે, આવા ઉપયોગ સામે તમામ વાજબી અને જરૂરી સાવચેતી લીધી હતી, તે પેટા કલમ (૧) ની જોગવાઈઓને બાધ આવ્યા વિના, સદરહુ સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોર સરકાર દાખલ કરવા અંગેનો કોઈ હુકમ ૬૧-ક હેઠળ કરી શકાશે નહિ.

**ફેરતપાસ**

**૬૧ગ. (C)** રાજ્ય સરકારે, આ અર્થે રાજપત્રમાં જાહેરનામા દ્વારા ખાસ રીતે સત્તા આપેલા વન-સંરક્ષકના દરજ્જા કરતાં ઊતરતા દરજ્જા ન હોય તેવા કોઈ વન અધિકારી, પોતાની મેળે, કલમ ૬૧ક હેઠળ અધિકૃત અધિકારીના હુકમની તારીખથી ત્રીસ દિવસ પૂરા થાય તે પહેલાં, તે હુકમના રેકર્ડ મંગાવી અને તપાસી શકશે અને પોતાને યોગ્ય લાગે તેમ તપાસ કરી શકશે અથવા કરાવી શકશે અને તેવા હુકમો કરી શકશેઃ

પરંતુ કોઈ વ્યક્તિને બાધકારક થાય તેવો હુકમ તેને સાંભળવાની તક આપવામાં આવી હોય તે સિવાય, આ કલમ હેઠળ કરી શકાશે નહિ.

**અપીલ**

**૬૧ ઘ (D)** *(૧) કલમ ૬૧ક અથવા કલમ ૬૧ગ હેઠળ કરેલા કોઈ હુકમથી નારાજ થયેલ કોઈપણ વ્યક્તિ, આવા હુકમની તેને જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર, હુકમ જે મિલકતને લગતો હોય તે મિલકત જે વિસ્તારમાં કબજે લેવામાં આવી હોય તે વિસ્તાર ઉપર હકૂમત ધરાવતા સેશન્સ ન્યાયાધીશને અપીલ કરી શકાશે અને સેશન્સ ન્યાયાધીશ, યથાપ્રસંગ, અપીલ કરનારને અને અધિકૃત અધિકારીને અથવા કલમ ૬૧ગ હેઠળ ખાસ રીતે સત્તા આપેલા અધિકારીને સાંભળવાની તક આપ્યા પછી, પોતાને યોગ્ય લાગે તે મુજબ, જે હુકમ સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ બહાલ રાખતો, તેમાં ફેરફાર કરતો અથવા તે રદ કરતો હુકમ કરશે.*

*(૨) પેટા-કલમ (૧) હેઠળ સેશન્સ ન્યાયાધીશનો કોઈ હુકમ આખરી રહેશે અને કાયદાની કોઈ કોર્ટમાં તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહિ.*

**કોઈ મિલકત સરકાર દાખલ કરવા અંગેના ચુકાદાથી અન્ય શિક્ષાને બાધ આવશે નહિ**

**૬૧ ચ(E)** *કલમ ૬૧ક અથવા ૬૧ ગ અથવા ૬૧ઘ કોઈ મિલકત સરકાર દાખલ કરવા અંગેના ચુકાદાથી, તેનાથી અસર પામેલ વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ જે કોઈ શિક્ષાને પાત્ર થાય તે શિક્ષા કરવાને બાધ આવશે નહિ.*

**સરકાર દાખલ થયેલ મિલકત ક્યારે સરકારમાં નિહિત થશે તે બાબત**

**૬૧ છ (F)** *કોઈ મિલકત સરકાર દાખલ કરવા અંગેનો કોઈ હુકમ, કલમ ૬૧ક અથવા ૬૧ગ અથવા ૬૧ઘ હેઠળ કરવામાં આવ્યો હોય અને આવો હુકમ આવી સમગ્ર મિલકત અથવા તેના કોઈ ભાગના સંબંધમાં આખરી થયેલો હોય ત્યારે, યથાપ્રસંગ, આવી મિલકત અથવા તેનો ભાગ અથવા જો તે, કલમ ૬૧કની પેટાકલમ(૩) હેઠળ વેચવામાં આવી હોય, તો તેની વેચાણ-આવક, રાજ્ય સરકારમાં તમામ બોજા મુક્ત નિહિત થશે.*

**કેટલાક દાખલામાં હકૂમતને બાધ**

**૬૧જ. (G)** *રાજ્ય સરકારની માલિકીની કોઈ વન-પેદાશ અથવા કોઈ ગુનો કરવામાં ઉપયોગમાં લેવાયેલ કોઈ સાધન, દોરડું, સાંકળ, હોડી, વાહન અથવા ઢોર, કલમ પરની પેટા-કલમ (૧) હેઠળ કબજે લેવામાં આવ્યાં હોય, ત્યારે કલમ ૬૧ક હેઠળ અધિકૃત અધિકારીને અથવા કલમ ૬૧ગ હેઠળ ખાસ રીતે સત્તા આપેલા અધિકારીને અથવા કલમ ૬૧ઘ હેઠળ અપીલ સાંભળતા સેશન્સ ન્યાયાધીશને, આવી મિલકતનાં કસ્ટડી, કબજા, ડિલિવરી, નિકાલ અથવા વિતરણ સંબંધી હુકમો કરવાની હકૂમત રહેશે અને આ અધિનિયમમાં અથવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં અથવા તત્સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, અન્ય કોઈપણ અધિકારી, કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા સત્તાધિકારીને, એવા હુકમો કરવાની હકૂમત રહેશે નહિ.*
*(જુઓ સન ૧૯૮૩ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૯)*

**ક.૬૨. ગેરકાયદેસર કબજે લેવા બદલ શિક્ષા**

*આ અધિનિયમ હેઠળ સરકાર દાખલ થવાને પાત્ર મિલકત કબજે લેવાને બહાને કોઈ વન-અધિકારી કે પોલીસ અધિકારી ત્રાસદાયક અને બિનજરૂરી રીતે મિલકત કબજે કરે તો, તે છ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને, અથવા તે બંને શિક્ષાને, પાત્ર થશે.*

**ક. ૬૩. ઝાડ તથા ઈમારતી લાકડાં ઉપર બનાવટી ચિહ્નો કરવાં અથવા ચિહ્નો બગાડવાં તથા સીમાચિહ્નો બદલવા માટે શિક્ષા.**

*લોકોને કે કોઈ વ્યક્તિને નુકસાન કે હાનિ કરવાના હેતુથી, અથવા "ભારતના ફોજદારી અધિનિયમ" ની વ્યાખ્યા પ્રમાણે ગેરકાયદે લાભ મેળવવાના હેતુથી જે કોઈ નીચે પ્રમાણે કરે તે બે વર્ષ સુધીની કેદની, દંડની શિક્ષાને, અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે -*

(ક) (A) *કોઈ ઈમારતી લાકડું કે ઊભું ઝાડ સરકારની કે કોઈ ચોક્કસ વ્યક્તિની મિલકત છે અથવા કોઈ ચોક્કસ વ્યક્તિને કાયદેસર રીતે કાપી કે લઈ જઈ શકે છે તેવું દર્શાવવા વન-અધિકારી વાપરતા હોય તેવાં ચિહ્નની ઈમારતી લાકડાં કે ઊભા ઝાડ ઉપર જાણી જોઈને બનાવટ કરે; અથવા*

(ખ) (B) *વન-અધિકારીએ કે તેણે આપેલા અધિકાર હેઠળ કોઈ ઝાડ કે ઈમારતી લાકડાં ઉપર કરેલા ચિહ્નમાં ફેરફાર કરે, તે બગાડે કે ભૂંસી નાખે અથવા*

(ગ) (C) *આ અધિનિયમની જોગવાઈઓ લાગુ પડતી હોય તે વન કે પડતર જમીનનાં સીમા-ચિહ્નો ફેરવે, ખસેડે, નષ્ટ કરે અથવા બગાડી નાખે.*

**ક.૬૪. વોરંટ વગર પકડવાની સત્તા**

(૧) *એક મહિના કે તેથી વધુ મુદતની કેદની શિક્ષાને પાત્ર થાય તે કોઈ વન-ગુનામાં સંકળાયેલ હોવાનો વાજબી શક જેના ઉપર હોય તે વ્યક્તિને, મેજિસ્ટ્રેટના હુકમ અને વોરંટ વિના વન-અધિકારી કે પોલીસ અધિકારી પકડી શકશે.*

**રાજ્ય સુધારા**

*કલમ ૬૪માં પેટા-કલમ (૧) માં "વન અધિકારી કે પોલીસ અધિકારી" એ શબ્દોને બદલે "વન અધિકારી, પોલીસ અધિકારી કે મહેસૂલ અધિકારી" એ શબ્દો સન ૧૯૬૦ના ગુજરાત ૧૫મા અધિનિયમની કલમ ૬(હ) થી મૂકવામાં આવ્યા છે.*

(૨) *આ કલમ હેઠળ ધરપકડ કરનાર દરેક અધિકારીએ બિનજરૂરી વિલંબ વિના તથા મુચરકાને વધારે છોડવા સંબંધી આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, પકડેલી વ્યક્તિને તે બાબતમાં હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટ સમક્ષ, અથવા સૌથી નજીકના પોલીસ સ્ટેશનનો ચાર્જ ધરાવતા અધિકારી સમક્ષ લઈ જવાની અથવા મોકલવાની તજવીજ કરવી જોઈશે.*

(૩) *કલમ ૩૦ના ખંડ (ગ) હેઠળ જેની મનાઈ કરેલી હોય તે સિવાયના પ્રકરણ ૪ હેઠળની કોઈ ગુનાહિત કૃત્ય માટે આ રીતે ધરપકડ કરવાનો અધિકાર, આ કલમના કોઈ મજકૂરથી મળતો હોવાનું ગણાશે નહિ.*

**ક.૬૫. પકડાયેલ વ્યક્તિને મુચરકાને આધારે છોડવાની સત્તા**

*કલમ ૬૪ની જોગવાઈઓ હેઠળ પકડાયેલ વ્યક્તિ, તેને ફરમાવવામાં આવે ત્યારે તે બાબતમાં હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટ કે સૌથી નજીકના પોલીસ સ્ટેશનનો ચાર્જ ધરાવતા અધિકારી સમક્ષ હાજર રહેવાનો મુચરકો કરી આપે તો રેન્જરથી ઊતરતા દરજ્જાના ન હોય એવા કોઈ વન અધિકારીએ અથવા તેની સત્તા નીચેના અધિકારીએ તેને પકડેલ હોય તો તેને છોડી શકશે.*

**રાજ્ય સુધારા**

*કલમ ૬૫માં "કોઈ વન-અધિકારીએ" એ શબ્દો પછી "સબ ઈન્સ્પેકટરથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા જે કોઈ પોલીસ અધિકારીએ અથવા મહાલકારીથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા જે કોઈ મહેસૂલ અધિકારીએ" એ શબ્દો સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬ (આઈ) થી ઉમેરવામાં આવ્યા છે.*

**ક.૬૬. ગુનો થતો અટકાવવાની સત્તા**

*દરેક વન-અધિકારી અને પોલીસ અધિકારીએ વન-ગુનો થતો અટકાવવો જોઈશે અને તે થતો અટકાવવા દરમિયાનગીરી કરી શકશે.*

*(૨) કલમ ૬૬માં "વન-અધિકારી અને પોલીસ અધિકારીએ" એ શબ્દોને બદલે "દરેક વન-અધિકારી, પોલીસ અધિકારી અને મહેસૂલ અધિકારીએ" એ શબ્દો એજનની કલમ ૬ (જે)થી, મૂકવામાં આવ્યા છે.*

**ક. ૬૭. ગુનો સંક્ષિપ્ત રીતે ઇન્સાફ કરવાની સત્તા**

*જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા આ અર્થે રાજ્ય સરકારે જેને ખાસ અધિકાર આપ્યો હોય તેવા પહેલા વર્ગના મેજિસ્ટ્રેટ છ મહિના સુધીની કેદ અને પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા એ બંને શિક્ષાને પાત્ર વન ગુનાની "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" હેઠળ સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરી શકશે.*

**રાજ્ય સુધારો**

*કલમ ૬૭માં, "જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા આ અર્થ રાજ્ય સરકારે જેને ખાસ અધિકાર આપ્યો હોય તેવા પહેલા વર્ગના મેજિસ્ટ્રેટ" એ શબ્દોને બદલે, "હાઈકોર્ટ સાથે મસલત ચલાવીને રાજ્ય સરકારે આ અર્થે જેને ખાસ અધિકાર આપ્યો હોય તેવા પહેલા વર્ગના મેજિસ્ટ્રેટ" એ શબ્દો સન ૧૯૫૧ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૨ અને અનુસૂચિ ૪ ના ભાગ-૨ થી મૂકવામાં આવ્યા છે.*

**રાજ્ય સુધારો**

*૧. સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(ક) થી, કલમ ૬૮ને બદલે નીચેની કલમ ૬૮ મૂકવામાં આવી છે.*

**ક. ૬૮. ગુનાની માંડવાળ કરવાની સત્તા**

*(૧) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી, વન અધિકારીને નીચેના અધિકાર આપી શકશેઃ*

*(ક) (A) કલમ ૬૨ અથવા કલમ ૬૩માં નિર્દિષ્ટ કરેલા ગુના સિવાયનો બીજો કોઈ વન સંબંધી ગુનો કર્યો હોવાનો વાજબી શક જેના ઉપર હોય તે વ્યક્તિ પાસેથી જે ગુનો કર્યાનો તેના ઉપર શક આવતો હોય તે ગુના બદલ વળતર તરીકે નાણાંની અથવા તેના સ્વવિવેકાનુસાર એવી નાણાંની રકમ ભરવા માટે લેખિત બાંયધરી સ્વીકારવાનો; અને*

*(ખ) (B) જપ્તીને પાત્ર હોય તેવી કોઈપણ મિલકત કબજે લેવાયેલ હોય ત્યારે તે અધિકારીએ તેની જે કિંમત ઠરાવી હોય તે કિંમત ભરવામાં આવે ત્યારે, અથવા તેના સ્વવિવેક*

*અનુસાર, તેની કિંમત ભરવાની લેખિત બાંયધરી સ્વીકારવામાં આવે એટલે, તે મિલકત છૂટી કરવાનો.*

*(૨) યથાપ્રસંગ, આવી નાણાંની રકમ અથવા આવી ઠરાવેલી કિંમત અથવા બન્ને આવા અધિકારીને ભરવામાં આવે એટલે અથવા તે ભરી આપવાની લેખિત બાંયધરી આવો અધિકારી સ્વીકારે એટલે, શકદાર વ્યક્તિ કસ્ટડીમાં હોય તો, તેને મુક્ત કરવી જોઈશે અને કોઈ મિલકત કબજે લીધી હોય તો તેને છૂટી કરવી જોઈશે અને આવશ્યક હોય ત્યાં કલમ ૮૨ હેઠળની કાર્યવાહી સિવાયની આવી વ્યક્તિ કે મિલકત વિરુદ્ધ કોઈ કાર્યવાહી થઈ શકશે નહિ.*

*(૨) કલમ ૬૮ની પેટા-કલમ (૩)માં "અને ઓછામાં ઓછા સો રૂપિયાનો માસિક પગાર મેળવતા" એ શબ્દો કમી કરવામાં આવ્યા છે અને "પાંચસો રૂપિયાથી" શબ્દોને બદલે, "બે હજાર રૂપિયાથી" એ શબ્દો સન ૧૯૭૬ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ૩થી મૂકવામાં આવ્યા છે.*

*(૩) રેન્જરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના નહિ એવા અને ઓછામાં ઓછા સો રૂપિયાનો માસિક પગાર મેળવતા વન-અધિકારી સિવાયના કોઈ વન-અધિકારીને આ કલમ હેઠળ અધિકાર આપી શકાશે નહિ અને પેટા-કલમ (૧) ખંડ (ક) હેઠળ વળતર તરીકે સ્વીકારેલ નાણાંની રકમ, ક્યારેક પચાસ રૂપિયાથી વધારે હોવી જોઈશે નહિ.*

*(૩) કલમ ૬૮માં, પેટા-કલમ(૧) માં, ખંડ (ખ) માં, "સરકાર દાખલ થવાને પાત્ર હોય તેવી કોઈ મિલકત" એ શબ્દો પહેલાં,*

*"કલમ ૬૧-જને અધીન રહીને," એ શબ્દો આંકડા અને અક્ષર દાખલ કરવા.*

*(જુઓ સન ૧૯૮૩ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૦)*

### ક.૬૯. વન-પેદાશ સરકારની માલિકીની માની લેવા બાબત

*આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીમાં અથવા અધિનિયમ હેઠળ લીધેલાં પગલાંને પરિણામે, કોઈ વન-પેદાશ સરકારની મિલકત હોવા વિશે પ્રશ્ન ઊભો થાય ત્યારે, વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, તેને સરકારની મિલકત માની લેવી જોઈશે.*

## પ્રકરણ-૧૦

## ઢોર-અપપ્રવેશ

### ક.૭૦. "ઢોર-અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧" લાગુ પાડવા બાબત

*કોઈ આરક્ષિત બનાવેલ વન અથવા રક્ષિત વનનો કોઈ ભાગ ઢોર ચારવા માટે કાયદેસર રીતે બંધ કર્યો હોય ત્યારે, તેમાં અપપ્રવેશ કરનાર ઢોર, "ઢોર અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧" ની કલમ-૧૧ના અર્થ પ્રમાણે જાહેર ઉદ્યાનમાં નુકસાન કરનાર ઢોર હોવાનું ગણાશે અને કોઈ વન-અધિકારી કે પોલીસ અધિકારી તેવા ઢોર તરીકે તેને પકડીને ડબામાં પુરાવી શકશે.*

## ક.૭૧. તે અધિનિયમ હેઠળ ઠરાયેલા દંડમાં ફેરફાર કરવાની સત્તા

*રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી એમ ફરમાવી શકશે કે - "ઢોર અપપ્રવેશ અધિનિયમ, ૧૮૭૧"ની કલમ ૧૨ હેઠળ ઠરાવેલા દંડને બદલે, આ અધિનિયમની કલમ ૭૦ હેઠળ ડબામાં પુરાયેલ દરેક ઢોર દીઠ પોતાને યોગ્ય લાગે તેટલો, પરંતુ નીચેની રકમ કરતાં વધારે ન હોય તે દંડ લેવામાં આવશે -*

| | |
|---|---|
| *દરેક હાથી દીઠ* | *....... દસ રૂપિયા* |
| *દરેક ભેંસ, પાડા કે ઊંટ દીઠ..* | *....... બે રૂપિયા* |
| *દરેક ઘોડા, ઘોડી, ખસી કરેલાં પ્રાણી ટટ્ટુ, વછેરા, વછેરી, ખચ્ચર, આખલા, બળદ, ગાય કે વાછરડી દીઠ....* | *....... એક રૂપિયો* |
| *દરેક વાછરડા, ગધેડા, ડુક્કર, મેઢી, ઘેટાં, ઘેટાંનાં બચ્ચાં, બકરા કે બકરીનાં બચ્ચાં માટે....* | *....... આઠ આના* |

**રાજ્ય સુધારા**

*કલમ ૭૧માં "આઠ આના" એ શબ્દોને બદલે "પચાસ નયા પૈસા" એ શબ્દો સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(લ) થી મૂકવામાં આવ્યા છે.*

### પ્રકરણ-૧૧

### વન અધિકારીઓ બાબત

## ક. ૭૨. રાજ્ય સરકાર વન અધિકારીઓને કેટલીક સત્તા આપી શકશે.

*(૧) રાજ્ય સરકાર વન-અધિકારીને નીચે જણાવેલી તમામ કે કોઈ સત્તા આપી શકશે:*

*(ક) (A) કોઈ જમીનમાં પ્રવેશવાની અને તે જમીનના સરવે, સીમાંકન અને નકશો કરવાની સત્તા;*

*(ખ) (B) સાક્ષીઓને હાજર થવાની અને દસ્તાવેજો તથા મુદ્દાની વસ્તુઓ રજૂ કરવાની ફરજ પાડવાની દીવાની કોર્ટની સત્તા;*

*(ગ) (C) "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" હેઠળ ઝડતીનું વોરંટ કાઢવાની સત્તા; અને*

*(ઘ) (D) વન-ગુનાની તપાસ કરવાની અને તે તપાસ દરમિયાન પુરાવા લેવા તથા નોંધવાની સત્તા;*

*(૨) પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) હેઠળ નોંધાયેલ પુરાવા આરોપીના લીધેલા હશે તો તે ત્યાર પછીની મેજિસ્ટ્રેટ સમક્ષની કોઈ ઈન્સાફી કાર્યવાહીમાં ગ્રાહ્ય થશે.*

**ક. ૭૩. વન અધિકારીઓ રાજ્ય સેવકો ગણાશે**

*તમામ વન અધિકારી "ભારતના ફોજદારી અધિનિયમ", ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે.*

**ક. ૭૪. શુદ્ધબુદ્ધિથી કરેલાં કાર્યો માટે રક્ષણ**

*કોઈ રાજ્ય સેવકે આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલાં કોઈ કાર્ય માટે તેની સામે દાવો થઈ શકશે નહિ.*

**ક. ૭૫. વન અધિકારીઓને વેપાર કરવાની મના**

*રાજ્ય સરકાર લિખિત પરવાનગી સિવાય, કોઈ વન-અધિકારીથી માલિક કે એજન્ટ તરીકે ઈમારતી લાકડાંનો કે બીજી વન પેદાશનો વેપાર કરી શકશે નહિ અથવા આ અધિનિયમ લાગુ પડતો હોય તે કે તેની બહારના કોઈ રાજ્યક્ષેત્રોમાં વનના કોઈ પટામાં કે કોઈ વન કામ કરવાના કરારમાં હિત રાખી શકશે નહિ કે હિતાધિકારી થઈ શકશે નહિ.*

## પ્રકરણ-૧૨

## પેટા-નિયમો

**ક. ૭૬. નિયમો કરવાની વધારાની સત્તા**

*રાજ્ય સરકારની નીચેની બાબતો માટે નિયમો કરી શકશે -*

*(ક)* (A) *આ અધિનિયમ હેઠળ વન-અધિકારીની સત્તા અને ફરજો ઠરાવવા અને મર્યાદિત કરવા બાબત;*

*(ખ)* (B) *આ અધિનિયમ હેઠળના દંડ તથા જપ્તીની આવકમાંથી અધિકારીઓ અને બાતમીદારોને આપવાના ઈનામો બાબત;*

*(ગ)* (C) *ખાનગી વ્યક્તિઓની માલિકીની અથવા તેમના કબજામાંની જમીન ઉપર ઉગાડેલાં સરકારી માલિકીનાં ઝાડ અને ઈમારતી લાકડાના સાચવણી, પુનરુત્પાદન અને નિકાલ બાબત; અને*

*(ઘ)* (D) *સામાન્ય રીતે આ અધિનિયમની જોગવાઈઓ સિદ્ધ કરવા બાબત.*

**ક. ૭૭. નિયમોના ભંગ માટે શિક્ષા**

*આ અધિનિયમ હેઠળના જે નિયમના ઉલ્લંઘન માટે અધિનિયમમાં શિક્ષાની ખાસ જોગવાઈ ન હોય તેનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ એક મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને, અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.*

**ક. ૭૮. ક્યારે નિયમો કાયદા તરીકે અમલી બનશે**

*આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે કરેલા તમામ નિયમો, રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવા જોઈએ અને તેમ થયે આ અધિનિયમ સાથે સુસંગત હોય તેટલા પ્રમાણમાં તેમાં સમાવિષ્ટ હોય તેમ અમલી બનશે.*

**રાજ્ય સુધારા**

*સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૬(મ) થી કલમ ૭૮ ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવામાં આવ્યો છે અને તે પછી નીચેની પેટા-કલમ (૨) ઉમેરવામાં આવી છે.*

*“(૨) આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ માટે રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે બેઠકમાં તે નિયમો એ રીતે મુકાય તેમાં અથવા ત્યાર પછીની બેઠકમાં વિધાનમંડળ તેમાંથી જે કાંઈ રદ કરે અથવા તેમાં જે કાંઈ ફેરફાર કરે તેને તે આધીન રહેશે.”*

## પ્રકરણ-૧૩

## પ્રકીર્ણ

### ક.૭૯. વન અધિકારીઓ તથા પોલીસ અધિકારીઓને મદદ કરવાને બંધાયેલ વ્યક્તિઓ

*(૧) આરક્ષિત બનાવેલ કે રક્ષિત વનમાં કોઈ હક ભોગવનાર અથવા એવા વનમાંથી વનની કંઈ પણ પેદાશ લઈ જવાની અથવા ઈમારતી લાકડું કાપવાની અને ખસેડવાની અથવા ઢોર ચરાવવાની છૂટ ધરાવનાર વ્યક્તિ તેમજ તેણે એ વનમાં નોકરીએ રાખેલ દરેક વ્યક્તિ; અને આવા વનની લગોલગ આવેલા કોઈ ગામમાં નોકરીએ રાખેલા અથવા લોકોની સેવા બજાવવા માટે સરકાર તરફથી મળતર મેળવનાર દરેક વ્યક્તિ;*

*કોઈ વન-ગુનો થયાની કે કરવાના ઈરાદાથી પોતાની પાસેથી માહિતી બિનજરૂરી વિલંબ વિના સૌથી નજીકના વન-અધિકારી કે પોલીસ અધિકારીને આપવાને બંધાયેલ રહેશે અને વન-અધિકારીઓ કે પોલીસ અધિકારીએ તેમ કરવા ફરમાવ્યું હોય કે ન હોય તો પણ નીચે જણાવેલાં કામો માટે તેણે તરત પગલાં લેવાં જોઈશે;*

*(ક) (A) પેટા-કલમ (૧) અનુસાર પૂરી પાડવા યોગ્ય માહિતી સૌથી નજીકના વન-અધિકારી અથવા પોલીસ અધિકારીને બિનજરૂરી વિલંબ વિના પૂરી પાડવા;*

*(ખ) (B) કોઈ અનામત કે રક્ષિત વનમાં કોઈ દાવાનળ માટે પેટા-કલમ (૧) અનુસાર લેવા યોગ્ય પગલાં લેવાં;*

*(ગ) (C) વનની આસપાસની કોઈ આગને પેટાકલમ(૧) અનુસાર વનમાં ફેલાતી અટકાવવા; અથવા*

*(ઘ) (D) એ વનમાં કોઈ વન-ગુનો અટકાવવામાં અથવા એવા વનમાં એવો કોઈ ગુનો કરવામાં આવ્યો છે એમ માનવાને કારણ હોય ત્યારે ગુનેગાર શોધી કાઢવામાં તથા તેને પકડવામાં વન અધિકારી અથવા પોલીસ અધિકારી તેની મદદ માગે તો તે આપવા.*

### ક.૮૦. સરકારની તથા અન્ય વ્યક્તિઓની મજમુ મિલકત હોય તેવા વનનો વહીવટ

*(૧) કોઈ વન કે પડતર જમીનમાં અથવા તેની તમામ પેદાશ કે તેના કોઈ ભાગમાં સરકાર તથા કોઈ વ્યક્તિનું મજમુ હિત હોય તો, રાજ્ય સરકાર -*

*(ક)* (A) *એ વનનો, પડતર જમીનનો કે પેદાશનો વહીવટ પોતે લઈ શકશે અને તેમાંના એ વ્યક્તિના હિત બાબત તેને હિસાબ આપી શકશે;*

*(ખ)* (B) *એવું મજમુ હિત ધરાવનાર વ્યક્તિ તે વન, પડતર જમીન કે પેદાશનો વહીવટ કરે તે માટે અને તેમાંના તમામ પક્ષકારોના હિત માટે પોતાને જરૂરી લાગે તેવા વિનિયમો ઘડી શકશે.*

*(૨) રાજ્ય સરકાર પેટાકલમ (૧) ના ખંડ (ક) હેઠળ કોઈ વન, પડતર જમીન કે પેદાશનો વહીવટ પોતે સંભાળે ત્યારે તે રાજપત્રમાં જાહેરનામું એવું જાહેર કરી શકશે કે પ્રકરણ-૨ તથા ૪ માંની કોઈ જોગવાઈ એવા વન, પડતર, જમીન કે પેદાશને લાગુ પડશે અને તેમ થયે એ જોગવાઈઓ તે અનુસાર લાગુ પડશે.*

**રાજ્ય સુધારા**

*સન ૧૯૫૫ના મુંબઈના ૨૪મા અધિનિયમની કલમ ૬ થી સને ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમો ૩, ૪(૨) થી કલમ ૮૦ પછી, નીચેની કલમ ૮૦-ક દાખલ કરવામાં આવી છે:*

*"ક. ૮૦-ક.* (A) *આ અધિનિયમની જોગવાઈઓ સરકાર અથવા સ્થાનિક સત્તામંડળની અમુક જમીનને લાગુ પડવાની સરકારની સત્તા.*

*રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી એમ જાહેર કરી શકશે કે આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓ, કે નહેરો રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળની મિલકત હોય તે નહેરોના કાંઠા ઉપરની અથવા જે રસ્તા રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળની મિલકત હોય તે રસ્તાની બાજુ ઉપરની તમામ અથવા કોઈપણ જમીનને લાગુ પડશે અને તેમ થયે આવી જોગવાઈઓ આવી જમીનને તદનુસાર લાગુ પડશે."*

**ક. ૮૧. જે બજાવવા માટે સરકારી વનની પેદાશનો ભોગ ભોગવવા મળતો હોય તે નોકરીમાં ચૂક કરવા બાબત**

*જે વન સરકારની મિલકત હોય અથવા જેની પર સરકારનો માલિકીહક હોય અથવા જેની પેદાશના કોઈ ભાગ ઉપર સરકારનો હક હોય, તેની પેદાશના કોઈ ભાગ ઉપર કોઈ વ્યક્તિને એ સંબંધી નોકરી યોગ્ય રીતે કરવાની શરતે હક હોય તો, એવી નોકરી પ્રમાણે તે સમયે બજાવવામાં આવતી ન હોવાની હકીકત રાજ્ય સરકારની ખાતરી થાય એ રીતે સાબિત થાય તો એ ભાગ સરકાર દાખલ થવાને પાત્ર થશે;*

*પરંતુ આવી નોકરી યોગ્ય રીતે બજાવ્યાની સાબિતી માટે એ ભાગ પર હકદાર વ્યક્તિની અને તે જો કાંઈ પુરાવા રજૂ કરે તો તેની, રાજ્ય સરકારે આ માટે યોગ્ય રીતે નીમેલા અધિકારીએ સુનાવણી કરી ન હોય ત્યાં સુધી, એ ભાગ સરકાર દાખલ કરી શકશે નહિ.*

**ક. ૮૨. સરકારનાં લેણાં વસૂલ કરવા બાબત**

*આ અધિનિયમ હેઠળ કે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમ હેઠળ અથવા કોઈ વન-પેદાશની કિંમત કે આવી પેદાશ માટે આ અધિનિયમનો અમલ કરવામાં થયેલા ખર્ચ બદલ સરકારને ભરવાનાં તમામ નાણાં લેણાં થયે ભરવામાં ન આવે તો તે જમીન મહેસૂલની બાકી હોય તે રીતે તે સમયે અમલમાં*

*હોય તે કાયદા હેઠળ વસૂલ કરી શકાશે જ્યારે વન-અધિકારી સમક્ષ અન્ડર ટેકિંગ લેવામાં આવ્યું હોય અને તેનો અમલ કરવામાં ન આવે તો તે માટે દીવાની કે ફોજદારી કાર્યવાહી થઈ ન શકે પરંતુ જમીન મહેસૂલ રાહે જ વસૂલ કરી શકાય.*

*(ધી સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. કિશન રુયાજી ધટલ, ૧૯૭૮ ક્રિમિનલ લો રિપોર્ટર (ગુજરાત પા. નં. ૨૬૫))*

**રાજ્ય સુધારા**

*સન ૧૯૬૦ના ગુજરાતના ૧૫મા અધિનિયમન કલમ ૬(ન) થી કલમ ૮૨માં "પેદાશ માટે" એ શબ્દો પછી અથવા કલમ ૬૮ હેઠળ "આપવાનું કબૂલ કરેલ વળતર અથવા મિલકતની કિંમતને કારણે" એ શબ્દો મૂકવામાં આવ્યા છે.*

**ક. ૮૩. આવાં નાણાં માટે વન-પેદાશ ઉપર ધારણાધિકાર બાબત**

*(૧) કોઈ વન પેદાશ માટે અથવા એના સંબંધમાં આવાં કોઈ નાણાં ભરવાનાં હોય ત્યારે, તેની રકમ આવી પેદાશ ઉપરનો પ્રથમ બોજો ગણાશે અને તે રકમ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી, એવી પેદાશ વન-અધિકારી કબજે લઈ શકશે.*

*(૨) એવી રકમ લેણી થાય ત્યારે ભરવામાં ન આવે તો; વન-અધિકારી આવી પેદાશ જાહેર હરાજીથી વેચી શકશે અને વેચાણની આવક સર્વપ્રથમ આ રકમ ભરપાઈ કરવામાં વાપરવી જોઈશે.*

*(૩) તેમ કરતાં કોઈ રકમ વધે તો તે માટે હકદાર વ્યક્તિ વેચાણની તારીખથી તે મહિનાની અંદર તેની માગણી ન કરે તો તે સરકાર-દાખલ થશે.*

**ક. ૮૪. આ અધિનિયમ હેઠળ જોઈતી જમીન, "જમીન સંપાદન અધિનિયમ, ૧૯૮૪" હેઠળ જાહેર હેતુ માટે જરૂરી હોવાનું ગણવા બાબત**

*આ અધિનિયમના કોઈ હેતુ માટે કોઈ જમીન જોઈતી હોવાનું રાજ્ય સરકારને જણાય ત્યારે, એ જમીન, "જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪" ની કલમ ૪ ના અર્થ મુજબ જાહેર હેતુ માટે જરૂરી હોવાનું ગણાશે.*

**ક. ૮૫. મુચરકા હેઠળ લેણી થતી દંડની રકમ વસૂલ કરવા બાબત**

*કોઈ વ્યક્તિ આ અધિનિયમની કોઈ જોગવાઈ અનુસાર કે હેઠળ કરેલા કોઈ નિયમનું પાલન કરવા માટે કોઈ ફરજ કે કાર્ય બજાવવા મુચરકા કે લેખથી બંધાય અથવા અમુક કાર્ય તે પોતે અથવા તે પોતે તથા તેના નોકરો અને એજન્ટો નહિ કરે એવો કોઈ મુચરકો કે લેખથી કરાર કરે, ત્યારે મુચરકા કે લેખની શરતોનો ભંગ કરવા માટે ભરવાની રકમ તરીકે જણાવેલી આખીયે રકમ, એવો ભંગ થાય ત્યારે "ભારત કરાર અધિનિયમ, ૧૯૭૨" ની કલમ ૭૪માં ગમે તે મજકૂર હોય તે છતાં, જમીન મહેસૂલની બાકી હોય એમ તેની પાસેથી વસૂલ કરી શકાશે.*

**રાજ્ય સુધારા**

*(૧) સન ૧૯૫૬ના મુંબઈના ૧૦મા અધિનિયમની કલમ ૨થી કલમ ૮૫ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવામાં આવ્યો છે અને એવી રીતે નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ (૨) ઉમેરવામાં આવી છે.*

*“(૨) (ક) (A) આવા ખત અથવા લેખની શરતોમાંની કોઈ પણ શરતનો ભંગ થયો છે કે કેમ તે બાબત,*

*(ખ) (B) આવો ભંગ થવા માટે આપવાની રકમ બાબત,*

*(ગ) (C) આવી રકમ આપવાને જવાબદાર હોય તેવી વ્યક્તિ અથવા તેવી વ્યક્તિઓ બાબત,*

*કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્ન રાજ્ય સરકારે આ અધિકૃત કરેલા પેટા-વિભાગીય વન-અધિકારીના હોદ્દા કરતાં ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને મોકલવો જોઈશે અને તેણે સંબંધિત વ્યક્તિને નોટિસ આપ્યા પછી તેના વાંધા (કોઈ હોય તો તે) ઉપર વિચારણા કર્યા પછી તે પ્રશ્નનો નિર્ણય કરવો જોઈશે. આવા અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી વ્યક્તિ આવા નિર્ણયની તારીખથી સાઠ દિવસની મુદતમાં રાજ્ય સરકારને અથવા રાજ્ય સરકાર આ માટે નીમે તેવા બીજા અપીલ સત્તાધિકારીને અપીલ કરી શકશે. આવા અધિકારીનો નિર્ણય અપીલ સત્તાધિકારીની અપીલને અધીન રહેશે અને આવી અપીલ પર અપીલ સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.”*

*(૨) પેટા-કલમ (૨)માં, “વિભાગીય વન-અધિકારી” એ શબ્દોને બદલે, “પેટા-વિભાગીય વન અધિકારી” એ શબ્દો સન ૧૯૫૭ના મુંબઈના ૨૬મા અધિનિયમની કલમ ૨થી મૂકવામાં આવ્યો છે.*

**ક. ૮૫-ક (A) કેન્દ્ર સરકારના હક્કો માટે અપવાદ**

*કોઈ રાજ્ય સરકારને, તે રાજ્યમાં નિહિત ન થયેલી કોઈ મિલકત સંબંધમાં કોઈ હુકમ કરવાનો અથવા કંઈ પણ કરવાનો અથવા સંબંધિત સરકારની સંમતિ વિના કેન્દ્ર સરકાર કે બીજી કોઈ રાજ્ય સરકારના હકોને અન્ય રીતે પ્રતિકૂળ અસર થાય તેમ કરવાનો, આ અધિનિયમના કોઈ મજકૂરથી અધિકાર મળશે નહિ.*

**ક.૮૬. રદ કરવા બાબત**

*“કાયદા રદ કરવા અને સુધારવા બાબતના અધિનિયમ, ૧૯૪૮” (સન ૧૯૪૮ના ૨ જા) ની કલમ ૨ અને અનુસૂચિથી રદ થઈ.*

**અનુસૂચિ -**

*અધિનિયમો રદ કરવા બાબત- “કાયદા રદ કરવા અને સુધારવા બાબતના અધિનિયમ, ૧૯૪૮” (સન ૧૯૪૮ના ૨ જા) ની કલમ ૨ અને અનુસૂચિથી રદ થઈ.*

• • •